### માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓ તગડા પગારનું ૠણ ચુકવે

# લ્યો બોલો : વડિયાનો માર્ગ અકસ્માતની આપે છે ગેરંટી

**વરસાદ આવશે અને પાણી ભરાશે તો અકસ્માત થશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી**

**ડો. આંબેડકર હોલ પાસેની ગોળાઈમાં બંને બાજુ ઘણા સમયથી ખાડા જોવા મળે**

**અવારનવાર પદાધિકારીઓ અને અધિકારી પસાર થાય છતાં સમસ્યા યથાવત**

**કોઈ નિર્દોષનો ભોગ લેવાઈ તે પહેલા યોગ્ય કાર્યવાહી થાય છે કે નહી તે જોવું રહ્યું**



તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૧૮

અમરેલી જિલ્લાના છેવાડાના વિકાસ વિહોણા વડિયા તાલુકામાંથી વડિયા–બગસરા–અમરેલી સ્ટેટ /નેશનલ હાઈવે પસાર થાય છે. આ રસ્તામાં વડિયા ગામમાં આંબેડકર હોલ પાસે એલ આકારની ગોળાઈ આવેલી છે જેની બંને બાજુ મસ મોટા ખાડાઓ હાલ ગટર અને કચરાના નિકાલને બની ચુકયા છે. આ ખાડાઓ વચ્ચેથી પસાર થતા આ હાઈવે પર ફકત એક જ મોટુ વાહન પસાર થઈ શકે તેટલી જ જગ્યા છે. જો બે વાહનો સામ સામે ક્રોસ થાય તો એક વાહન ચોક્કસ ખાડામાં ગરકાવ થાય. ત્યારે હાલ ચોમાસાની ૠતુ દરવાજો ખટખટાવે ને મેઘરાજા મંડરાતા જોવા મળી રહ્યા છે. ત્યારે ચાલુ વરસાદમાં પાણીના વહેણ સમયે કોઈ અજાણ્યું વાહન બીજા વાહન સાથે આ વણાંકમાં ક્રોસિંગ કરે અને પસાર થાય તો ૧૦૦% અકસ્માતની ગેરંટી સ્થાનિકો આપી રહ્યા છે. જો કે અહીં નાના મોટા અનેક અકસ્માત તો સર્જાઈ ચુકયા છે પરંતુ હવે અકસ્માતને રોકવા માટે રોડની સાઈટ પર ખાડાથી વાહનને બચાવવાં માટે પથ્થર મુકવાની નોબત આવી છે. ત્યારે અહીંથી રોજ જિલ્લા અને તાલુકાના અનેક અધિકારીઓ, નેતાઓ અહીંથી જ પસાર થાય છે છતાં કોઈને જાણે સામાન્ય લોકોની પરવાહ જ ના હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. નેશનલ હાઈવેનુ તંત્ર જાણે ઘોર નિંદ્રામાં સૂતું હોય ત્યારે આ સ્થળે કોઈ દુર્ઘટના ઘટે અને કોઈ નિર્દોષનો ભોગ લેવાય તેની રાહ જોવાતી હોય તેવુ હાલ જોવા મળી રહ્યું છે. જોકે આ બાબતે સ્ટેટ હાઈવે કચેરીનો સંપર્ક કરતા તેમણે આ રોડ નેશનલ હાઈવેને સોંપેલ હોય તે તેની જવાબદારી આવે છે તેવુ જણાવ્યું હતુ. આ બંને કચેરીઓ વચ્ચે કોઈ નિર્દોષ પીસાઈ તો નક્કી નહિ. ત્યારે હાલ આ બાબતે મીડિયાએ જાગૃતતા દાખવી તંત્રના બહેરા કાને આ જીવલેણ ભાવી સંકટને ધ્યાને મૂકયું છે. હવે જોવાનું એ છે કે વરસાદ પહેલા આ રોડ રીપેર થાય છે કે પછી કોઈ નિર્દોષનો ભોગ લેવાયા પછી તંત્ર દોડતું થશે તે તો આવનારો સમય જ બતાવશે.

### જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાનું પાણી

## લ્યો બોલો : જાફરાબાદ તાલુકા પંચાયતમાં કર્મચારીઓની ગેરહાજરી અને એસી/પંખા શરૂ

**જિલ્લા વિકાસ અધિકારી યોગ્ય કાર્યવાહી કરે તે જરૂરી**

અમરેલી, તા. ૧૮

તાજેતરમાં યોજાયેલ લોકસભાની ચૂંટણીમાં ભાજપને રાજુલા–જાફરાબાદ વિધાનસભા વિસ્તારની જનતાએ ૭૦ હજાર મતની લીડ આપી અને ખોબલે અને ખોબલે રાજુલા વિધાનસભા એક લાખ મત ભાજપને આપ્યા છતાં પણ લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. એક જાગૃત નાગરિક દ્વારા જાફરાબાદ તાલુકા પંચાયતનો સોશ્યલ મીડિયામાં વિડિયો વાયરલ કરવામાં આવ્યો છે કે ૧૧:૩૦ થી ૧૨ વાગ્યા સુધી જાફરાબાદ તાલુકા પંચાયત કચેરીની ખુરશીઓ ખાલી છે એક પણ કર્મચારીઓ આવેલ નથી અને લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે અને જાફરાબાદના છેવાડાના પછાત વિસ્તારના લોકો જિલ્લા લેવલ સુધી કોઈ રજૂઆત કરી શકતા નથી અને અધિકારીઓ પોતાની મનમાની કરે છે અને અવારનવાર સરકારી કાર્યક્રમના બ્હાના આપી અને તાલુકા પંચાયત ખાલી ખમ હોય છે. ત્યારે આ સોશ્યલ મીડિયાના વિડીયા મારફત જાગૃત નાગરિક દ્વારા રોષ વ્યકત કરવામાં આવ્યો છે કે જાફરાબાદ તાલુકા પંચાયત કચેરીમાં એક પણ કર્મચારી હાજર નથી અને અધિકારીઓ પોતાની મનમાની કરે છે અને કોઈ કર્મચારી ઓફિસમાં ન હોવા છતાં પણ લાઈટ, પંખા, એસી ચાલુ હોય. એક તરફ સરકાર વીજળી બચાવવાના પ્રયત્ન કરી રહ્યા હોય અને બીજી તરફ સરકારના કર્મચારીઓ વીજળીનો બેફામ ગેરઉપયોગ કરી રહ્યા હોય છે. ત્યારે જાફરાબાદના લોકોએ એટલી જંગી બહુમતીથી ભાજપને મત આપ્યા હોય. તો આ અંગે તાકીદે કાર્યવાહી કરવી અને પેધી ગયેલા કર્મચારીઓને તાત્કાલિક જાફરાબાદ તાલુકા પંચાયતમાંથી બદલાવી અને અન્ય કર્મચારીઓને મૂકવા કોંગ્રેસ અગ્રણી ટીકુભાઈ વરૂએ માંગ કરી છે.

### સરકારનાં મહેસુલ વિભાગનો નિર્ણય

## અમરેલી જિલ્લા કલેકટર કચેરી ખાતે કાયદા સલાહકારની આવશ્યકતા

**લાયકાત ધરાવતા ઉમેદવારોને તા. ૯ જુલાઈ સુધીમાં અરજી કરવી**

અમરેલી તા.૧૮

રાજય સરકાર મહેસુલ વિભાગ દ્વારા અમરેલી જિલ્લા કલેકટર કચેરી માટે ૧૧ (અગિયાર) માસની મુદત માટેની કરાર આધારિત કાયદા સલાહકાર(એક) માટે નિમણુક કરવામાં આવશે. યોગ્ય લાકયકા અને અનુભવ ધરાવતા ઉમેદવારોએ આ અંગેની અરજી તા.૯ જુલાઈ–૨૦૨૪ ના રોજ સાંજે ૫ વાગ્યા સુધીમાં કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, જિલ્લા સેવા સદન પ્રથમ માળ, રાજમહેલ કેમ્પસ, અમરેલી, પિન નં.૩૬૫૬૦૧ ખાતે આર.પી.એડી–કુરિયરથી મોકલવી.

અરજીમાં ઉમેદવારે તેનુ પૂરૂ નામ, જન્મ તારીખ, રહેણાકનુ સ્થળ (કાયમી–હંગામી), શૈક્ષણિક લાયકાત, અનુભવની વિગતો દર્શાવતી તથા આ અંગેના પ્રમાણિત આધારા પુરાવા અરજી સાથે સામેલ રાખવા(કવર પર કલેકટર કચેરી, અમરેલી ખાતે કરાર આધારિત કાયદા સલાહકારની જગ્યા માટેની અરજી–તેમ દર્શાવવુ.) અરજદારશ્રીની ઉમર ૫૦(પચાસ) વર્ષથી વધુ હોવી જોઈએ નહિ.

આ જગ્યા માટે કાયદાની(સ્પેશ્યલ) ડિગ્રી અથવા કેન્દ્ર–રાજય સરકરના કાયદા દ્વારા સ્થાપવવામાં આવેલઈ માન્ય યુનિવર્સિટી દ્વારા એચ.એસ.સી બાદ પાંચ વર્ષનો અભ્યાક્રમ પાસ હોય, કાયદાની ડિગ્રી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન એકટ–૧૯૫૬ની કલમ–૩ દ્વારા સ્થાપવવામાં આવેલ યુનિવર્સિટી દ્વારા મેળવેલ કાયદાની ડિગ્રી સહિતની શૈક્ષણિક લાયકાત, ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયકો–૧૯૬૭માં જણાવ્યા મુજબ કોમ્પ્યુટર ઉપયોગનું પાયાનુ જ્ઞાન. ગુજરાતી અને/અથવા હિન્દી ભાષાનું પૂરતુ જ્ઞાન આવશ્યક છે.

ઉમેદવારોને હાઈકોર્ટ અથવા હાઈકોર્ટની તાબા હેઠળની કોર્ટમાં પ્રેકિટસ કરતા એડવોકેટ અથવા એટની અથવા સરકારી વકીલ તરીકેનો પાંચ વર્ષનો અનુભવ અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થા અથવા સરકાર કે તેની હસ્તકના બોર્ડ–નિગમ અથવા કંપની કાયદા હેઠળ સ્થાપવામાં આવેલ કંપનીમાં કાયદાકિય બાબતોનો પાંચ વર્ષનો અનુભવ આવશ્યક છે. ઉકત અનુભવ અંગેના પ્રમાણપત્ર ઉમેદવારે જો હાઈકોર્ટમાં પ્રેકિટસ કરી હોય, તો રજીસ્ટ્રાર જનરલશ્રી, હાઈકોર્ટ અથવા જો ઉમેદવાર હાઈકોર્ટની તાબા હેઠળની કોર્ટમાં પ્રેકિટસ કરતા હોય તો રજીસ્ટ્રાર પ્રિન્સિપાલ જયુડિશિયલ ઓફિસરશ્રી અથવા સબંધિત જિલ્લાના પ્રિન્સિપાલ ડિસ્ટ્રીકટ જજશ્રી કે સીટી સિવિલ કોર્ટના પ્રિન્સિપાલ જજશ્રી અથવા કંપની કાયદા હેઠળ સ્થાપવામાં આવેલી કંપની, સરકાર હસ્તકના બોર્ડ–નિગમ, સ્થાનિક સ્વરાજયની સંસ્થાની કચેરીનાં વડા દ્વારા પ્રમાણિત હોવો જોઈએ.

ઉમેદવાર ગુજરાતી બોલી, વાંચી અને લખી શકે તે અંગેનુ જ્ઞાન તથા ગુજરાતીમાંથી અંગ્રેજી અને અંગ્રેજીમાંથી ગુજરાતીમાં સરળાથી ભાષાંતર કરે શકે તે મુજબનુ જ્ઞાન હોવુ જોઈએ. આ જ્ઞાન હોવા અંગેનુ પ્રમાણપત્ર, ઉપર મુજબના અધિકારીઓ દ્વારા ઈશ્યુ કરવામાં આવ્યું હોય તે બિડવાનુ રહેશે.

આ કરાર આધારિત જગ્યા માટે ઉમેદવારને માસિક રૂ.૬૦,૦૦૦ ફિકસ વેતન મળવા પાત્ર રહેશે. આ સિવાયની અન્ય બોલીઓ, શરતો, બજાવવાની સામાન્ય ફરજો અઅને જવાબદારીની વિગતો આ કચેરીના નોટીસ બોર્ડ અથવા મહેકમ શાખામાં કચેરી સમય દરમિયાન રૂબરૂ જોઈ શકાશે. આ જગ્યા માટેનુ અરજી ફોર્મ કલેકટર કચેરી, અમરેલીની મહેકમ શાખામાંથી રજાના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન મેળવી શકાશે. સંબંધિત ઉમેદવારોને જયારે ઈન્ટરવ્યુ માટે બોલવવામાં આવે ત્યારે ઉમેદવારે અસલ ડોકયુમેન્ટ સાજે સ્વખર્ચે ઉપસ્થિત રહેવુ. આ બાબતે જરૂર જણાયે લેખિત પરીક્ષા પણ લેવામાં આવશે. અધૂરી વિગત વાળી તેમજ નિયત સમય મર્યાદા બાદ આવેલી અરજીઓ વિચારણા હેઠળ લેવામાં આવશે. નહિ, તેમ અમરેલી જિલ્લા કેલકટરએ એક યાદીમાં જણાવ્યુ છે.

### સરકારે અરજદારો માટે કેન્દ્ર ખોલવાની જરૂર

## અમરેલીનાં જનસેવા કેન્દ્રની સામે અરજદારો વચેટિયાઓ દ્વારા ખૂલ્લેઆમ લૂંટાઈ રહ્યાં છે

**જિલ્લા કલેકટર દ્વારા ચેકિંગ કરવામાં આવે તેવી અરજદારોની માંગણી**

અમરેલી, તા. ૧૮

અમરેલીએ આર ટીઓ કચેરીમાં કલેકટર દ્વારા એજન્ટોને પ્રવેશ ન કરવા અંગે પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરનામાં મુજબ અમરેલી કલેક્ટર કચેરીમાં પણ આવું જાહેરનામું પ્રસિદ્ધ કરી કલેક્ટર જનસેવા કેન્દ્રમાં જ અરજદારો માટે ફોર્મ ભરવા માટેનું સેવા કેન્દ્ર કાર્યરત કરી કલેક્ટર કચેરીમાં અડિંગો જમાવી અરજદારોને ખૂલ્લેઆમ લૂંટી રહેલા એજન્ટોને હાકી કાઢવાની માંગણી ઉઠેલ છે.

પ્રાપ્ત વિગત મુજબ અમરેલી કલેક્ટર કચેરીના જનસેવા કેન્દ્ર સામે એજન્ટો અડિંગો જમાવી અરજદારોને ખૂલ્લેઆમ લૂંટી રહ્યાની ફરિયાદો ઉઠેલ છે. ભાજપ અગ્રણી દ્વારા આવા લે ભાગું તત્વોના હાથે અરજદારોને આર્થિક રીતે બચાવવા કલેક્ટર દ્વારા હાકી કાઢવા લાંબા સમય પહેલા માંગણી કરવામાં આવેલ હતી. તેમ છતા પણ અરજદારોના હિતમાં કોઈ પગ્લા ભરવામાં ન આવતા આવા એજન્ટો હાલ બેફામ બનેલા છે.

સરકાર દ્વારા કલેક્ટર કચેરીનાં જનસેવા કેન્દ્રમાં લોકોની સુવિધા અર્થે એજન્સીની નિમણુંક કરી દેવામાં આવેલ છે. તેવી જ રીતે લોકોની સરકારની અલગ અલગ યોજનાના લાભાર્થે ભરવામાં આવતા ફોર્મ અંગે જન સેવામાં જ એક સેવા કેન્દ્ર શરૂ કરી અરજદારોને એજન્ટો ના હાથમાંથી લૂંટાતા બચાવવા જરૂરી બનેલ છે. કલેક્ટર દ્વારા આવા લે ભાગું તત્વોને જન સેવાકેન્દ્ર સામેથી હાકી કાઢવા જાહેરનામું પ્રસિદ્ધ કરવા માંગણી ઉઠેલ છે.

અન્યથા આવા એજન્ટોને કલેક્ટર કચેરી કેમ્પસમાંથી હટાવવા જરૂરી બનેલ છે.

## અમરેલીની ટીમે કરાટેમાં ૨૦ મેડલની જવલંત સફળતા મેળવી



અમરેલી, તા.૧૮

તાજેતરમાં ઉદયપુર, રાજસ્થાન ખાતે તેનસિંકાન નેશનલ ચેમ્પિયનશીપનું આયોજન તા.૦૮ અને ૦૯જૂન ૨૦૨૪નાં રોજ થયેલુ હતુ. તેમાં ૪૦૦ સ્પર્ધકોએ અલગ અલગ રાજયોમાંથી ભાગ લીધો હતો. આ કરાટે સ્પર્ધામાં ઈન્ટરનેશનલ શોતોકાન કરાટે ડુ એકેડમીના અમરેલી બ્રાન્ચના કરાટે કોચ સેન્સાઈ પાર્થ કામોઠીની ટીમે કાતા–કુમિતેની ઈવેન્ટમાં ભાગ લીધો હતો. તેમાં ૩ ગોલ્ડ ૬ સિલ્વર અને ૧૧ બ્રોન્ઝ એમ કુલ ૨૦ મેડલ મેળવી ટીમ વિજેતા રહી હતી. આ ટીમે કયોથી ડો. વિજય એમ. સોલંકીના નેતૃત્વ હેઠળ સુંદર પરફોર્મન્સ બદલ તેમણે ટીમને અભિનંદન પાઠવીને અમરેલીની ટીમનો ઉત્સાહ વધાર્યો હતો. આ કરાટે ટુર્નામેન્ટમાં કરાટે કોચ સેન્સાઈ પાર્ટી કામોઠીએ કાતા–કુમિતમાં રેફરી અને જજ તરીકેની સેવા બજાવી હતી.

''અમરેલી એકસપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે, ઈ–મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

### અંદાજે ૧.૨૭ લાખ બાળકોને 'દો બૂંદ' પીવડાવવામાં આવશે

## અમરેલી જિલ્લામાં તા. ૨૩ જૂનથી પોલિયો વિરૂધ્ધ રસીકરણ અભિયાન

**જિલ્લામાં ૭૯૭ બુથ ઉપરાંત ૯૦ મોબાઈલ ટીમ અને ૫૭ ટ્રાન્સીટ ટીમ દ્વારા બાળકોને રસી આપી પોલિયો સામે રક્ષિત કરવામાં આવશે**

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લામાં તા. ૨૩ જૂન, ૨૦૨૪ પોલિયો રસીકરણ અભિયાન અંતર્ગત અંદાજે ૧,૨૭,૮૨૪ બાળકોને 'દો બૂંદ' પીવડાવવામાં આવશે. આ માટે જિલ્લામાં ૭૯૭ બુથ ઉપરાંત ૯૦ મોબાઈલ ટીમ અને ૫૭ ટ્રાન્સીટ ટીમ દ્વારા જુદાં – જુદાં જાહેર સ્થળોએ ૦ થી ૫ વર્ષના બાળકોને પોલિયો સામે રક્ષણ આપતી રસી આપવામાં આવશે.

અમરેલી જિલ્લામાં જૂન – ૨૦૨૪ની તા.૨૩ થી તા. ૨૫ દરમિયાન યોજાનાર પોલીયો સામે રક્ષિત કરવાના રસીકરણ અભિયાનમાં ૩,૫૨૦ જેટલા આરોગ્ય કર્મીઓ અને આંગણવાડી કર્મચારીઓ દ્વારા ૦ થી ૫ વર્ષના બાળકોને પોલિયો રોગથી રક્ષિત કરવા માટેની કામગીરી કરશે.

પોલીયો સામે રક્ષણ રસીકરણ અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખા ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની અધ્યક્ષતામાં યોજાયેલા વર્કશોપમાં તાલુકા આરોગ્ય અધિકારીઓ, મેડિકલ ઓફિસર સહિતનાઓને પોલિયો રાઉન્ડ વિશે તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવ્યા હતા. જેમાં WHO ના સિનિયર મેડિકલ ઓફિસરએ પણ વિશેષ માર્ગદર્શન આપ્યું હતું.

આ પોલિયો રસીકરણ રાઉન્ડ અંતર્ગત જિલ્લામાં કોઈ પણ બાળક પોલિયોના ટીપા પીવડાવવાથી વંચિત ન રહે તે માટે તકેદારી લેવા અને બાળકોને અચૂક પોલિયો સામે રક્ષણ અંગેની રસી પીવડાવવા માટે અમરેલી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.આર. એમ. જોષી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯
પ્રવેશની ઉત્તમ તક...
ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે.
પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે
F.Y.B.Com. SEMESTER-I
S.Y.B.Com. SEMESTER-III
T.Y.B.Com. SEMESTER-V
M.Com. SEMESTER-I
- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક
સવારનાં
૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
મો.૮૪૬૦૬ ૮૭૨૫૧
મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮
www.mdscollege.org

## જિલ્લાભરનાં રાજકીય અને સામાજિક આગેવાનોની ઉપસ્થિતિમાં

# અમરેલી જિલ્લા યુવા આહીર સમાજ દ્વારા ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

**તેજસ્વી તારલાઓ, આહીર સમાજનાં ફોજી જવાનોનું સન્માન અને કર્મચારી મંડળની સ્થાપના કરાઈ**

**લગ્ન પાછળ થતો ખોટો ખર્ચ ઘટાડવા માટે સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવાનું નકકી કરાયું**

**પૂર્વ ધારાસભ્ય અંબરિષ ડેર, સમાજનાં અગ્રણી જીતુભાઈ ડેર સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા**

**યુવા પ્રમુખ કમલેશ ગરણિયાનાં નેતૃત્વમાં કાર્યક્રમ સફળ રીતે સંપન્ન**



અમરેલી, તા. ૧૮

સમગ્ર રાજયમાં આહિર સમાજની ખુબ મોટી વસ્તી વસવાટ કરે છે તેમાંથી અમરેલી જિલ્લામાં પણ આહિર સમાજની વસ્તી સમગ્ર જિલ્લામાં પથરાયેલી છે. ત્યારે સમયની સાથે બદલાતા પ્રવાહો મુજબ સમાજમાં સુધારાત્મક બદલાવ લાવવા સાથે સારા કાર્યને બિરદાવવા માટે અમરેલી જિલ્લા યુવા આહિર સમાજના પ્રમુખ કમલેશ ગરણિયાના નેતૃત્વમાં અમરેલી જિલ્લા આહિર સમાજનો ત્રિવિધ કાર્યક્રમ કડવા પટેલ સમાજવાડી, અમરેલી ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં અમરેલી જિલ્લામાં વસવાટ કરતા આહિર સમાજના તેજસ્વી તારલાઓને શિલ્ડ, પ્રમાણપત્ર અને પુસ્તકો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તો અમરેલી જિલ્લાના આહિર સમાજના બે યુવાનો બીએસએફમાં ભરતી થઈ તાલીમ લઈ પરત આવતા તેમનું પણ શાલ ઓઢાડી, મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યુ હતુ. આ સાથે આ કાર્યક્રમમાં બે નવતર આયોજન કરવામાં આવ્યા હતા જેમા અમરેલી જિલ્લામાં આહિર સમાજના પાંચસો આસપાસ કર્મચારીઓ વિવિધ વિભાગોમાં કામગીરી બજાવે છે ત્યારે અમરેલી જિલ્લા આહિર કર્મચારી મંડળની સ્થાપના કરવામાં આવી હતી અને આવનાર સમયમાં લગ્ન પાછળ થતા ખોટા ખર્ચ ઘટાડવા માટે સમૂહ લગ્નોત્સવનુ આયોજન કરવાનુ નક્કી કરાયું હતુ. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા આહિર સમાજના આગેવાનો અમરીશભાઈ ડેર, જીતુભાઈ ડેર, પ્રભાતભાઈ કોઠીવાળ, કમલેશભાઈ ગરણિયાએ પ્રાસંગિક માર્ગદર્શન આપ્યું હતુ તો જિલ્લામાં જીએસટી અધિકારી તરીકે ફરજ બજાવતા ગીતાબેન જીંજાળા અને જિલ્લા હિસાબનીશ અધિકારી વિક્રમભાઈ ખૂંગલાએ સમાજના કર્મચારીઓ અને લોકોને માર્ગદર્શન આપ્યું હતુ. તો કર્મચારી મંડળની મજબૂત રચના માટે આહિર કર્મચારી મંડળ રાજકોટની સમગ્ર ટીમ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતુ. આ કાર્યક્રમમાં સમગ્ર અમરેલી જિલ્લામાંથી આહિર સમાજના પૂર્વ ધારાસભ્ય અમરીશભાઈ ડેર, આહિર સમાજના પ્રમુખ જીતુભાઈ ડેર, જિલ્લા સિંચાઈ સમિતિના ચેરમેન લાલાભાઈ મોર, જિલ્લા પંચાયત સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળ, જિલ્લા ભાજપ બક્ષીપંચ મોર્ચાના પ્રમુખ રાજુભાઈ ભુતૈયા, તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ, લીલીયા તાલુકા પંચાયતના ઉપ પ્રમુખ જગદીશભાઈ દેથળીયા, બાઘાભાઈ લાખણોત્રા, યુવા પ્રમુખ કમલેશભાઈ ગરણિયા સહિત સમગ્ર જિલ્લામાંથી રાજકીય, સામાજિક આગેવાનો, કર્મચારીઓ અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.


પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

YAMAHA RACING
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
FZS-Fi
lord of the streets
NOW WITH CONNECT
Side Stand Engine cut-off Switch | Light Weight 135kg | 3D Emblem | Durable 149cc fuel injection Engine | Two-level Single Piece Seat
* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

Shine versary
HONDA
આભાર ગુજરાત
*સ્કીમ ઓફર ટુંક સમય માટે જ..
95%
ANNIVERSARY Offer ₹5000 કેશબેક
₹5999/-
9.50%
ફ્રી હેલ્મેટ
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

Navnit
MARUTI SUZUKI CELERIO
મારૂતિ સુઝુકીનો શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ
ખમણ હાજરમાં મળશે.
ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
મિકેનીક...... ૩
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪

Hero
GO BIG GO XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero

અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ
ધોરણ 11-12 કોમર્સ (ગુજરાતી માધ્યમ)
100 % કોમર્સ
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા
વિદ્યાર્થી મિત્રો,, વાલી શ્રી..
શું ધોરણ 10 માં PR આપના સંતાન ને ઓછાં આવ્યાં છે ??
નબળા પરિણામ થી નિરાશ છો ??
ધોરણ 10 કરતા ધોરણ 12 કોમર્સ માં ઉચ્ચ PR લાવવા માંગો છો.??
નબળા વિદ્યાર્થી ઓનું સબળું પરિણામ લાવી આપવાની ખાત્રી આપતી કોમર્સ સ્કૂલ.
એક વાર અમારી અવશ્ય મુલાકાત લ્યો..

ધો. 10 P.R. આધારીત સ્કોલરશીપ

| ધો. 10 P.R. | ફી માફી |
| --- | --- |
| A1 Grade | 100% |
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R. સુધી | 20% |
| 85 થી 90 P.R. સુધી | 15% |
| 65 થી 85 P.R. સુધી | 10% |
| 50 થી 65 P.R. સુધી | 05% |

બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠયપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા Free માંજ આપવામાં આવશે
ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા
શું કામ Special Commerce તો આ રહી અમારી વિશેષતાઓ:
→ દરેક વિષયનો સરળતાથી અને શ્રેષ્ઠ અભ્યાસ કરાવી શકે તેવા અનુભવી શિક્ષકોની ટીમ
→ ધોરણ 11/12 માં દરેક વિષયનું 900 માર્કસનું પરીક્ષાલક્ષી અતિ મહત્વનું મટીરીયલ
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો..
નિકુંજ ગઢવાલા ૯૧૦૬૬ ૩૪૪૨૬
ભરત સાવલીયા ૯૯૭૯૪ ૪૯૬૪૯
લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણનગર, અમરેલી

### પશ્ચિમ બંગાળના જલપાઈગુડીમાં મોટો રેલ અકસ્માત

# માતા ગંગાએ મને દત્તક લીધો, હું અહીંનો જ થઇ ગયો છું : પીએમ મોદી

## ખેડૂતો અને અન્ય લોકોને સંબોધતા પીએમ મોદીએ તેમનો આભાર માન્યો હતો

વારાણસી,તા.૧૮

સતત ત્રીજી વખત વડાપ્રધાન બન્યા બાદ નરેન્દ્ર મોદી મંગળવારે પહેલીવાર પોતાના સંસદીય ક્ષેત્ર વારાણસી પહોંચ્યા હતા. અહીં ખેડૂતો અને અન્ય લોકોને સંબોધતા પીએમ મોદીએ તેમનો આભાર માન્યો હતો. પીએમ મોદીએ બનારસની પ્રાદેશિક ભાષામાં સંબોધનની શરૂઆત કરી હતી. તેમણે કહ્યું, "ચૂંટણી જીત્યા પછી, આજે અમે પહેલીવાર બનારસ પહોંચ્યા. અમે કાશીના લોકોને વંદન કરીએ છીએ. કાશીના લોકોના કારણે હું ધન્ય બની ગયો. સૂર્યદેવે પણ થોડી ઠંડક વરસાવવાનું શરૂ કર્યું, જાણે માતા ગંગા. દેવીએ મને દત્તક લીધો છે." , આ હું બની ગયો છું.

પીએમ મોદીએ તેમના સંબોધનમાં કહ્યું કે અમારી સરકાર અમારા ખેડૂત ભાઈ-બહેનોનું જીવન સરળ બનાવવા માટે પ્રતિબદ્ધ છે. અમે કાશીની પવિત્ર ભૂમિ પરથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૧૭મો હપ્તો જાહેર કરતાં ગર્વ અનુભવીએ છીએ. પીએમ મોદીએ પીએમ-કિસાન યોજનાનો ૧૭મો હપ્તો જાહેર કર્યો. આનાથી ૯.૨૬ કરોડથી વધુ ખેડૂતોને ૨૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનો લાભ મળશે. આ ઉપરાંત, પ્રધાનમંત્રીએ કૃષિ સખીઓ તરીકે પ્રશિક્ષિત ૩૦,૦૦૦ થી વધુ સ્વ-સહાય જૂથોને પ્રમાણપત્રોનું પણ વિતરણ કર્યું હતું.

તેમણે કહ્યું, "૧૮મી લોકસભાની ચૂંટણી ભારતની લોકશાહીની વિશાળતા, ભારતની લોકશાહીની તાકાત, ભારતના લોકતંત્રની પહોળાઈ, ભારતના લોકતંત્રના મૂળની ઊંડાઈને વિશ્વ સમક્ષ રજૂ કરે છે. જો યુરોપ અને યુરોપિયન યુનિયન ઉમેરે તો પણ. બનારસની જનતાએ ત્રીજી વખત પીએમને પસંદ કર્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે ભારતમાં ૧૮મી લોકસભા માટેની આ ચૂંટણી ભારતની લોકશાહીની વિશાળતા, ભારતની લોકશાહીની તાકાત, ભારતની લોકશાહીની પહોળાઈ, ભારતની લોકશાહીના મૂળની ઊંડાઈને સંપૂર્ણ ક્ષમતા સાથે વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરશે. આ ચૂંટણીમાં દેશની જનતાએ આપેલો જનાદેશ ખરેખર અભૂતપૂર્વ છે. આ આદેશે એક નવો ઈતિહાસ રચ્યો છે. દુનિયાના લોકતાંત્રિક દેશોમાં એવું ભાગ્યે જ જોવા મળ્યું છે કે ચૂંટાયેલી સરકાર સતત ત્રીજી વખત પરત આવે, પરંતુ આ વખતે ભારતની જનતાએ કરી બતાવ્યું છે. આવું ૬૦ વર્ષ પહેલા ભારતમાં બન્યું હતું.તેમણે કહ્યું કે આ એક મોટી જીત છે, આ એક મોટી જીત છે અને એક વિશાળ આત્મવિશ્વાસ છે. તમારો વિશ્વાસ મારા માટે મોટી સંપત્તિ છે. તમારો વિશ્વાસ મને તમારી સેવા કરવા અને દેશને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે સખત મહેનત કરવાની સતત પ્રેરણા આપે છે. હું આ રીતે દિવસ-રાત મહેનત કરીશ, તમારા સપના અને સંકલ્પોને પૂરા કરવા માટે તમામ પ્રયાસો કરીશ.

પીએમએ કહ્યું કે મેં ખેડૂતો, યુવાઓ, મહિલા શક્તિ અને ગરીબોને વિકસિત ભારતના મજબૂત સ્તંભ તરીકે ગણ્યા છે. મેં મારા ત્રીજા કાર્યકાળની શરૂઆત તેમના સશક્તિકરણ સાથે કરી છે. સરકાર બન્યાની સાથે જ ખેડૂતો અને ગરીબ પરિવારોને લગતો સૌથી મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. દેશમાં ગરીબ પરિવારો માટે ૩ કરોડ નવા મકાનો બનાવવાના છે અથવા તો પીએમ કિસાન સન્માન નિધિને આગળ વધારવાની છે. આ નિર્ણયોથી કરોડો લોકોને મદદ મળશે.

તેમણે કહ્યું કે થોડા સમય પહેલા જ PM કિસાન સન્માન નિધિના ૨૦ હજાર કરોડ રૂપિયા દેશભરના કરોડો ખેડૂતોના ખાતામાં પહોંચી ગયા છે. આજે ૩ કરોડ બહેનોને કરોડપતિ બનાવવાની દિશામાં એક મોટું પગલું ભરવામાં આવ્યું છે.

કૃષિ સખી તરીકે બહેનોની નવી ભૂમિકા તેમને સન્માન અને આવકના નવા સ્રોત બંને સુનિશ્ચિત કરશે. આજે ૩૦ હજારથી વધુ સહાયક જૂથોને કૃષિ સખી તરીકે પ્રમાણપત્રો આપવામાં આવ્યા છે. હાલમાં આ યોજના ૧૨ રાજ્યોમાં શરૂ કરવામાં આવી છે. આવનારા સમયમાં દેશભરના હજારો ગ્રુપ તેની સાથે જોડાશે. છેલ્લા ૧૦ વર્ષમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર (રાજ્ય સરકારને છેલ્લા ૭ વર્ષથી તક મળી છે) એ કાશીના ખેડૂતો માટે સંપૂર્ણ સમર્પણ સાથે કામ કર્યું છે.આ પહેલા કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું હતું કે, "આટલી બહુમતી અને જનતા દ્વારા આપવામાં આવેલ જનાદેશ સાથે ત્રીજી વખત વડાપ્રધાન બનવું એ પોતાનામાં અભૂતપૂર્વ છે. હું દેશના તમામ ખેડૂતો વતી પીએમ મોદીનું સ્વાગત કરું છું.

અને હું તેમને અભિનંદન આપું છું કે કૃષિ એ ભારતીય અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ છે અને ભાજપ માને છે કે ખેડૂતોની સેવા કરવી એ ખેડૂતો અને ખેતી પ્રત્યે અમારી પ્રતિબદ્ધતા છે, તો તે કિસાન સન્માન નિધિ હતી.

### પીએમ શ્રી પ્રવાસન હવાઈ સેવા" વિકાસનો નવો આયામ

# સરકારના સહયોગ અને ફ્લાયઓલા દ્વારા સંચાલિત એર ટેક્ષી સર્વિસ શરૂ કરવામાં આવી

## રાજ્ય સરકાર દ્વારા ઉજ્જૈન, જબલપુર, ઈન્દોર, રીવા, ગ્વાલિયર, ખજુરાહો, સિંગરૌલી, ભોપાલ માટે સીધી એર ટેક્ષી સર્વિસ શરૂ કરવામાં આવી છે

મધ્યપ્રદેશ,તા.૧૮

મધ્યપ્રદેશ સરકાર અને મધ્યપ્રદેશ ટૂરિઝમ બોર્ડના સહયોગથી, અને ફ્લાયઓલા દ્વારા સંચાલિત, રાજ્યમાં પીએમ શ્રી પ્રવાસન હવાઈ સેવાનો શુભારંભ કરવામાં આવ્યો છે. રાજ્યમાં હવે સામાન્ય નાગરીક અને પ્રવાસીઓ રાજ્યના પ્રવાસન સ્થળો અને મહાનગરોની સીધી મુલાકાત એર સર્વિસના માધ્યમથી કરી શકશે. રાજ્ય સરકાર દ્વારા ઉજ્જૈન, જબલપુર, ઈન્દોર, રીવા, ગ્વાલિયર, ખજુરાહો, સિંગરૌલી, ભોપાલ માટે સીધી એર ટેક્ષી સર્વિસ શરૂ કરવામાં આવી છે. ઓમકારેશ્વર અને મહાકાલેશ્વર બંને જ્યોતિર્લિંગ ને હવાઈ સેવા સાથે જોડવાના પ્રયાસો પણ કરવામાં આવશે. ઓરછા, સલ્કનપુર, કટની અને દતિયા જેવા ધાર્મિક સ્થળોને પણ એર કનેક્ટિવિટીથી જોડવામાં આવશે.રીવા શહેરને અઠવાડિયાના સોમવાર અને ગુરુવારે ઈન્દોર, જબલપુર અને ભોપાલ સાથે જોડવામાં આવી રહ્યું છે. ગ્વાલિયર શહેરને અઠવાડિયામાં બે દિવસ મંગળવારે ઈન્દોર, ભોપાલ અને ઉજ્જૈન સાથે અને શનિવારે ભોપાલ સાથે જોડવામાં આવી રહ્યું છે. ઉજ્જૈન શહેરને અઠવાડિયામાં ત્રણ દિવસ મંગળવારે ઈન્દોર, ભોપાલ, ગ્વાલિયર સાથે, બુધવારે ઈન્દોર, ભોપાલ, જબલપુર અને રવિવારે ઈન્દોર, ભોપાલને જોડવામાં આવી રહ્યા છે. ખજુરાહો શહેરને સપ્તાહમાં એક વખત શુક્રવારે ભોપાલ અને જબલપુર સાથે જોડવામાં આવી રહ્યું છે. રાજ્યના પ્રવાસનને પાંખો આપવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવેલી એર ટેક્સી સેવાનું ભાડું પોસાય તેવું હશે. મુખ્ય પ્રધાન ડૉ. મોહન યાદવે જણાવ્યું છે કે અમારા પ્રતિષ્ઠિત વડા પ્રધાનને સમર્પિત "પીએમ શ્રી પ્રવાસન હવાઈ સેવા"થી રાજ્યમાં પ્રવાસનની સાથે ઉદ્યોગ, વેપાર, શિક્ષણ અને તબીબી ક્ષેત્રોને પણ લાભ થશે. રાજ્યમાં વધી રહેલી એર કનેક્ટિવિટીનો લાભ તમામ ક્ષેત્રોને મળશે અને રાજ્યના વિકાસને નવા આયામો મળશે. મુખ્યમંત્રી ડૉ. યાદવે કહ્યું કે મધ્યપ્રદેશનો ભૌગોલિક વિસ્તાર યુરોપના ઘણા દેશો કરતા વધુ છે, વસ્તીની દ્રષ્ટિએ પણ આપણું રાજ્ય ઘણા દેશો કરતા મોટું છે. આ સંદર્ભમાં, રાજ્યમાં હવાઈ સેવા શરૂ થવાથી રોડ અને રેલ દ્વારા લેવામાં આવતા પરંપરાગત મુસાફરીના સમયમાં નોંધપાત્ર ઘટાડો થશે. રાજ્યના અંતરિયાળ રેવા-સિંગરૌલી પ્રદેશમાંથી વાહનવ્યવહાર સરળ બનશે અને સમય પણ ઓછો લાગશે."પીએમ શ્રી પ્રવાસન હવાઈ સેવા" ના સંચાલનના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્યમંત્રી ડૉ. યાદવે ભોપાલ એરપોર્ટ પર સ્થિત સેવાના ટિકિટ બુકિંગ કાઉન્ટરનું ઉદ્ઘાટન કર્યું અને મુસાફરોને બોર્ડિંગ પાસ આપ્યા. મુખ્યમંત્રી ડો.યાદવે જણાવ્યું હતું કે, વડાપ્રધાનના સહયોગથી ખજુરાહોમાં દેશની પ્રથમ હેલિકોપ્ટર પાયલટ ટ્રેનિંગ સ્કૂલ શરૂ કરવામાં આવી છે. રાજ્ય સરકાર એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરશે કે જ્યાં પણ એરસ્ટ્રીપ હશે, ત્યાં પાયલોટ તાલીમ સંસ્થાઓ અને નજીકની યુનિવર્સિટીઓ દ્વારા ડિગ્રી અને ડિપ્લોમા કોર્સ શરૂ કરવામાં આવશે. આ પહેલ રાજ્યમાં રોજગારલક્ષી શિક્ષણને પ્રોત્સાહિત કરશે અને રોકાણ પણ આકર્ષિત કરશે. હવાઈ સેવા સમગ્ર રાજ્યમાં પરિવહનને સરળ બનાવશે.અગ્ર સચિવ પ્રવાસન અને સંસ્કૃતિ શિવ શેખર શુક્લાએ જણાવ્યું હતું કે "પીએમ શ્રી પ્રવાસન હવાઈ સેવા" પ્રવાસન ક્ષેત્રની સાથે ઉદ્યોગ, વેપાર, આરોગ્ય, શિક્ષણ, સંસ્કૃતિ અને કલાને પ્રોત્સાહન આપવા માટે મદદરૂપ થશે. મુખ્યમંત્રી ડૉ. યાદવના નેતૃત્વમાં આગામી સમયમાં અન્ય શહેરોમાં પણ આ સેવાનો વિસ્તાર કરવામાં આવશે.

### NEET પેપર લીક કેસમાં મોટા સમાચાર

# NEET પેપર લીકના આરોપીની બિહાર પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી

## લોકોને NHAIના એક જ ઈન્સ્પેક્શન બંગલામાં રહેવાની વ્યવસ્થા કરી હતી

નવીદિલ્હી,તા.૧૮

NEET પેપર લીક મામલે મોટા સમાચાર સામે આવ્યા છે. NEET પેપર લીકના આરોપી ઉમેદવારની બિહાર પોલીસના ઈકોનોમિક ઓફેન્સ યુનિટ (EOU) દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. NHAI ના ઈન્સ્પેક્શન બંગલામાં તેના નામે એક રૂમ બુક કરવામાં આવ્યો હતો, તે જ જગ્યાએથી આરોપીને નિર્ધારિત 'સેફ હાઉસ'માં લઈ જવામાં આવ્યો હતો અને તેને NEETનું પ્રશ્નપત્ર આપવામાં આવ્યું હતું અને જવાબો યાદ કરવામાં આવ્યા હતા.આજ તકની ટીમ NHAIના ઈન્સ્પેક્શન બંગલામાં ગઈ અને એન્ટ્રી રજિસ્ટર ચેક કર્યું, જેમાં ચેક અનુરાગ યાદવના નામે હતો. અનુરાગ યાદવ જુનિયર એન્જિનિયર સિકંદર પ્રસાદ યાદવેન્દુનો સંબંધી છે, જે NEET પેપર લીક કેસના મુખ્ય આરોપી છે અને તે NEET ના ઉમેદવાર પણ છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આરોપી જુનિયર એન્જિનિયર સિકંદરે અનુરાગ સહિત ઘણા લોકોને NHAIના એક જ ઈન્સ્પેક્શન બંગલામાં રહેવાની વ્યવસ્થા કરી હતી. બાદમાં, આ લોકોને અહીંથી બાકીના ૩૦થી વધુ ઉમેદવારો માટે તૈયાર કરાયેલા 'સેફ હાઉસ' (જ્યાં જવાબો યાદ રાખવામાં આવ્યા હતા) લઈ જવામાં આવ્યા હતા.

તેમણે કહ્યું કે EOUએ તપાસમાં જોડાવા માટે નવ ઉમેદવારો (સાત બિહાર અને ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમાંથી એક-એક)ને પણ નોટિસ પાઠવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, એવી શંકા છે કે આ ૯ ઉમેદવારો સાથે બિહારના અન્ય ચાર પરીક્ષાર્થીઓ (જેની EOU દ્વારા ધરપકડ કરવામાં આવી છે) ને NEET પરીક્ષાના એક દિવસ પહેલા પટના નજીકના 'સેફ હાઉસ'માં રાખવામાં આવ્યા હતા અને જવાબો યાદ કરવામાં આવી રહ્યા હતા.

બિહાર પોલીસને પેપર લીક કેસમાં સિકંદર નામના વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓએ ઘણા સેન્ટરો અને સેફ હાઉસમાં પેપર સોલ્વર લગાવ્યા હતા. તેમની પાસે પહેલાથી જ પ્રશ્નપત્રો હતા. અખિલેશ અને બિટ્ટુ સાથે જુનિયર એન્જિનિયર સિકંદર પ્રસાદ યાદવેન્દુની બેઈલી રોડ પર રાજવંશી નગર વળાંક પર નિયમિત તપાસ દરમિયાન શાસ્ત્રી નગર પોલીસે ધરપકડ કરી હતી. અત્યાર સુધીની તપાસમાં સામે આવ્યું છે કે જુનિયર એન્જિનિયર સિકંદરે પેપર લીક કરવાનું સમગ્ર કાવતરું ઘડ્યું હતું. તેમની પાસેથી ઘણા NEET એડમિટ કાર્ડ મળી આવ્યા હતા. યાદવેન્દુ દ્વારા આપવામાં આવેલા ઈનપુટના આધારે દરોડા બાદ આયુષ, અમિત અને નીતીશની ધરપકડ કરવામાં આવી હતી. આ પછી બિહારના નાલંદાના સંજીવ સિંહની પણ પેપર લીક મામલે ધરપકડ કરવામાં આવી હતી.EOUના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ (ડીઆઈજી) માનવજીત સિંહ ધિલ્લોને જણાવ્યું હતું કે, "તપાસ દરમિયાન, EOU અધિકારીઓએ છ પોસ્ટ-ડેટેડ ચેકો પાછા મેળવ્યા હતા, જે ગુનેગારોની તરફેણમાં જારી કરવામાં આવ્યા હતા, જેમણે પરીક્ષા પહેલા ઉમેદવારોને કથિત રીતે પ્રશ્નપત્રો વિતરિત કર્યા હતા" તેમણે કહ્યું કે તપાસકર્તાઓ સંબંધિત બેંકોમાંથી ખાતાધારકોની માહિતી એકત્ર કરી રહ્યા છે. કથિત NEET-UG ૨૦૨૪ પેપર લીક કેસમાં EOUએ અત્યાર સુધીમાં ચાર પરીક્ષાર્થીઓ અને તેમના પરિવારના સભ્યો સહિત ૧૩ લોકોની ધરપકડ કરી છે. તમામ આરોપીઓ બિહારના છે. તમને જણાવી દઈએ કે NEET-UG ૨૦૨૪નું પરિણામ ૪ જૂને જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામ જાહેર થતાંની સાથે જ હોબાળો થયો હતો, જેમાં ઘણા વિદ્યાર્થીઓએ વિસંગતતાનો આક્ષેપ કર્યો હતો. કથિત પેપર લીક અને પરીક્ષાની અખંડિતતા અંગેની ચિંતાઓને કારણે, ઉમેદવારોના એક જૂથે નવી પરીક્ષાની માંગણી સાથે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો છે. પેપર લીક અને પરીક્ષા રદ કરવાની માંગ કરતી અરજીઓની સુનાવણી ૮મી જુલાઈએ થવાની છે.

### CBI કે SITની દેખરેખ હેઠળ તપાસની માંગ

# NEETને લઈને સુપ્રીમ કોર્ટમાં એક ડઝન જેટલી અરજી દાખલ

## પહેલી અરજી NEET ઉમેદવાર શિવાંગી મિશ્રા અને અન્ય નવ લોકો દ્વારા ૧ જૂને દાખલ કરવામાં આવી હતી

નવી દિલ્હી, તા.૧૮

દરેક પસાર થતા દિવસ સાથે, સુપ્રીમ કોર્ટમાં NEET પરીક્ષાને પડકારતી અરજીઓની કતાર લાંબી થતી જાય છે. જો કે, દરેકની માંગણીઓ એકસરખી જ હોય છે, તેથી વેકેશન બેન્ચ સમક્ષ તેમની સુનાવણી ઔપચારિક રહેવાની અપેક્ષા છે. મુખ્ય અરજી સાથે તમામને જોડવામાં આવે તેવી શક્યતા છે. આ અરજીઓમાં, NEET પરીક્ષાના 3 કથિત પેપર લીક, પરફેક્ટ સ્કોર્સની અસામાન્ય સંખ્યા, વળતરના ગુણ અને તેના આચરણમાં અનિયમિતતાના આરોપો છે અને તપાસની વિનંતી છે.અસરગ્રસ્ત વિદ્યાથીઓ, કોચિંગ સંસ્થાના માલિકો, ડૉક્ટરો, વકીલો, રાજકારણીઓ અને RTI કાર્યકર્તાઓ પણ આ કાનૂની લડાઈમાં મોખરે જોડાયા છે. તેમણે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ (NEET UG 2024) ફરીથી આયોજિત કરવાની માંગ કરી છે. ઘણી અરજીઓમાં આ સમગ્ર મામલાની તપાસ ન્યાયાધીશની દેખરેખ હેઠળ સીબીઆઈ અથવા એસઆઈટી દ્વારા કોર્ટની દેખરેખ હેઠળ કરવાની માંગ પણ કરવામાં આવી છે.પહેલી અરજી NEET ઉમેદવાર શિવાંગી મિશ્રા અને અન્ય નવ લોકો દ્વારા 1 જૂને દાખલ કરવામાં આવી હતી. આરટીઆઈ એક્ટિવિસ્ટ ડૉ. વિવેક પાંડેએ અરજી કરી હતી. અરજીમાં કથિત પેપર લીકના આધારે જૂના પરીક્ષાના પરિણામો રદ કરવા અને નવેસરથી પરીક્ષા યોજવાની માંગ કરવામાં આવી છે. કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ ફિઝિક્સવાલાના સ્થાપક અલખ પાંડેએ બીજી PIL દાખલ કરી છે.NEET પરિણામો પછી દાખલ કરાયેલી ત્રણ અરજીઓમાં, અલખ પાંડેની અરજીમાં પરીક્ષા પ્રક્રિયા અને NEET (UG) 2024માં પરિણામોની તપાસ કરવા માટે સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ એક સમિતિની રચના કરવાની માંગ કરવામાં આવી છે. અરજીમાં નિષ્ણાત સમિતિને NEET પરીક્ષા યોજવાની પ્રક્રિયામાં સુધારો કરવા માટે કહેવામાં આવ્યું છે. અરજીમાં NEET પરીક્ષા યોજવાની પ્રક્રિયાને વધુ મજબૂત બનાવવાની પણ માંગ કરવામાં આવી છે.NEET UG, 2024 ના કથિત પેપર લીકની CBI તપાસની માંગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટે શુક્રવારે કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી છે. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની ખંડપીઠે હિતેન સિંહ કશ્યપ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર 5 મેના રોજ પરીક્ષા આપનારી નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) પાસેથી પણ જવાબ માંગ્યો છે.કોર્ટે NTAને બે અઠવાડિયામાં તેનો જવાબ દાખલ કરવા જણાવ્યું હતું અને આ મામલાની વિચારણા માટે 8 જુલાઈની તારીખ નક્કી કરી હતી. NEET ઉમેદવારોના હબ કોટાના શિક્ષક નીતિન વિજયે પણ સુપ્રીમ કોર્ટમાં PIL દાખલ કરી છે. પુનઃ પરીક્ષા લેવા અથવા ગ્રેસ માર્કસ દૂર કરવાની માંગ કરવામાં આવી છે.20 વિદ્યાથીઓના જૂથે NEET-UG પરીક્ષામાં વિસંગતતાઓ અંગે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે, જેમાં માંગ કરવામાં આવી છે કે 5 મેના રોજ લેવાયેલી પરીક્ષાની તપાસ CBI અથવા અન્ય કોઈ સ્વતંત્ર એજન્સી દ્વારા સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ કરવામાં આવે.તન્મય શર્મા અને અન્યો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં સુપ્રીમ કોર્ટને આ પરીક્ષામાં 620થી વધુ માર્કસ મેળવનારા વિદ્યાથીઓની શૈક્ષણિક અને ફોરેન્સિક તપાસ સ્વતંત્ર એજન્સી અથવા સંસ્થા દ્વારા રચાયેલી સમિતિ દ્વારા કરાવવાનો આદેશ જારી કરવા જણાવ્યું છે. સુપ્રીમ કોર્ટમાં માંગ કરી છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ખેડૂતોને મોટી ભેટ

# કિસાન સન્માન નિધિનો ૧૭મો હપ્તો ખેડૂતોના ખાતામાં જમા કર્યો

## કિસાન સન્માન નિધિનો ૧૭મો હપ્તો ખેડૂતોના ખાતામાં જમા કર્યો

નવી દિલ્હી,તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેડૂતોને આજે મોટી ભેટ આપી છે. PM તરીકે ત્રીજી વખત શપથ લીધાં બાદ મોદીએ તેમના સંસદીય મતવિસ્તાર વારાણસીમાંથી કિસાન સન્માન નિધિનો ૧૭મો હપ્તો બહાર પાડ્યો અને ખેડૂતોના ખાતામાં ૨૦,૦૦૦ કરોડ ટ્રાન્સફર કર્યાં હતા. એક ક્લિક કરતાં આટલી મોટી રકમ લાભાર્થી ખેડૂતોના ખાતામાં જમા થઈ ગઈ હતી. પ્રધાનમંત્રી મોદીએ જારી કરેલા કિસાન સન્માન નિધિના ૧૭મા હપ્તાનો લાભ ૯ કરોડથી વધુ ખેડૂતોને મળવાનો છે. ઉલ્લેખનીય છે કે આ યોજના હેઠળ ખેડૂતોને સીધો જ નાણાકીય લાભ આપવામાં આવે છે. ત્રીજી વાર પીએમ બન્યાં બાદ મોદીએ પહેલી વાર ખેડૂતોને મોટી ભેટ આપતાં કિસાન સન્માન નિધિનો હપ્તો બહાર પાડ્યો છે. જો કોઈ લાભાર્થીના ખાતામાં પૈસા ન આવ્યાં હોય તો તેઓ ટ્રોલ ફ્રી નંબર ૧૫૫૨૬૧, ૧૮૦૦૧૧૫૫૨૬ અથવા ૦૧૧૨૩૩૮૧૦૯૨ પર કોલ કરી શકે છે.પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ ખેડૂતોને સીધો નાણાકીય લાભ આપવામાં આવે છે. આ યોજના હેઠળ ખેડૂતોને વાર્ષિક રૂપિયા ૬૦૦૦ આપવામાં આવે છે. જે ચાર મહિનાના અંતરે ખાતામાં મોકલવામાં આવે છે. અત્યાર સુધી તેના ૧૭ હપ્તા બહાર પડી ચૂક્યાં છે.

### ગુજરાત હાઈકોર્ટે આપ્યો મોટો ઝટકો

# ગુજરાત હાઇકોર્ટે મહારાજા ફિલ્મ રિલીઝ પર સ્ટે યથાવત રાખ્યો

## યશરાજ બેનર વતી સિનિયર એડવોકેટ જાલ ઉનવાલા અને શાલીન મહેતા કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા

અમદાવાદ,તા.૧૮

મહારાજા ફિલ્મ વિવાદને લઈને ગુજરાત હાઈકોર્ટ માં થયેલી અરજી પર વધુ સુનવણી ૧૯ જૂને હાથ ધરાશે.હાઈકોર્ટમાં જજ સંગીતા વિશેનની બેન્સ સમક્ષ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં નેટફ્લિક્સ વતી સિનિયર એડવોકેટ મુકુ રોહતગી ઓનલાઈન હાઈકોર્ટની કાર્યવાહીમાં જોડાયા હતા. ત્યારે યશરાજ બેનર વતી સિનિયર એડવોકેટ જાલ ઉનવાલા અને શાલીન મહેતા કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા. જો કે, અઢી કલાક ચાલેલી સુનાવણી દરમિયાન બંને પક્ષકારો દ્વારા દલીલો કરવામાં આવી હતી. નેટફ્લિક્સ વતી એડવોકેટ મુકુલ રોહતગીએ જણાવ્યું હતું કે, આ ફિલ્મ પરનો વચગાળાનો સ્ટે દૂર કરાય, ભલે બાદમાં હાઈકોર્ટમાં સુનાવણી ચાલે, ફરિયાદીએ તેની અરજીમાં જણાવ્યુ છે કે, આ ફિલ્મ બદનક્ષી અને ધાર્મિક લાગણીઓ દુભાવનારી છે. સુપ્રીમ કોર્ટના ફૂલનફેવી કેસનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં જણાવ્યું છે કે ફૂલનદેવી એક ડાકુ રાણી હતી. એમાં તેને કેટલી વખત રેપ કરાય છે એ દર્શાવ્યું છે. તે એક પછાત જાતિથી હતી. તે કેસમાં કોર્ટે કહ્યું હતું કે એક કલાકારે સમાજને દર્પણ બતાવ્યું છે. 'કાયપો છે' ફિલ્મને લગતી અરજી પરનો ચુકાદો અને પદ્માવત ફિલ્મના કેસનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે.યશરાજ ફિલ્મના વકીલે જણાવ્યું હતું કે, OTT માટે CBFC સર્ટિફિકેટની જરૂર નહીં. આખી ફિલ્મ સંપૂર્ણ જજમેન્ટને રજૂ કરતી નથી, કોર્ટ ફિલ્મ જોવા માગે તો અમે તૈયાર છીએ. જજમેન્ટ ફિલ્મમાં વંચાયું નથી. ફક્ત કેસ ડિસમિસ કરાયો તેવું જ બતાવાયું છે.ફરિયાદી વતી સિનિયર એડવોકેટ મિહિર જોશીએ દલીલ કરતા જણાવ્યું કે, કોર્ટ ઈચ્છે ત્યારે અરજી આધારે સ્ટે આપી શકે, ફિલ્મ રિલીઝના આગળના દિવસે સ્ટે અપાયો તેનાથી કાયદાકીય રીતે કોઈ ફેર ના પડે. CBFC સર્ટિફિકેટ ફિલ્મને મળ્યું એટલે ફિલ્મ કાયદાકીય રીતે યોગ્ય તેમ ના કહેવાય. વળી OTT પર CBFC સર્ટિફિકેટની જરૂર નહિ તો કેમ આપ્યું? પ્રિ સેન્સરશિપ દ્વારા વાણી સ્વાતંત્ર્ય ઉપર રોક ના લગાવી શકાય. પત્રકારો, સમાજ અને રાજકીય દૂષણ બહાર પાડે છે. ફિલ્મનું ક્ષેત્ર ન્યુઝ પેપર કરતા પહોળું, એટલે જ તો સેન્સર બોર્ડ છે, ન્યુઝ મીડિયામાં ક્યાં છે? OTT ફિલ્મને અપાયેલ સર્ટિફિકેટ એટલે તેને રિલીઝ કરાય તેવું અરજદારનું કહેવું છે. પણ કોર્ટને પગલાં ભરતા રોકી શકે નહિ. CBFCના સર્ટિફિકેટ બાદ ફિલ્મમાં એડિટ કરી શકાય નહિ, પણ OTT માટે એવો કોઈ નિયમ નહિ. યશરાજને ફિલ્મમાં એડિટ કરતાં CBFC પણ રોકી શકે નહીં. આમ OTT ઉપર કોઈ નિયમન રાખનાર સંસ્થા નથી. ઓથોરિટી પાસે કોઈ ધર્મ સામે બદનક્ષી થતી રોકવાની સત્તા છે. અમે ખાલી કોર્ટના નિર્દેશ માગ્યા હતા.અરજદારોએ કહ્યું કે, ટ્રાયલ ફિલ્મમાં બતાવી છે. આમ ફિલ્મ ટ્રાયલ ઉપર બની તે બાબત સાચી છે. ગુજરાતીમાં પબ્લિસ થયેલી પુસ્તક કરતા ફિલ્મની રિચ ખૂબ વધુ હોય છે. નેટફ્લિક્સે કહ્યું કે, જજમેન્ટ ફેક્ટ ઉપર છે અને લીગલ હિસ્ટ્રી છે, પણ ના બની શકે કે તે ખોટા નિયમો ઉપર હોય.

### ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરવામાં આવશે

# નરેન્દ્ર મોદી મન કી બાત કાર્યક્રમ ૩૦ જૂન ફરી શરૂ થશે

## મન કી બાતના ૧૧૧મા એપિસોડ માટે લોકોને પોતાના વિચારો અને ઇનપુટ્સ શેર કરવા કરી વિનંતી

નવી દિલ્હી,તા.૧૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચૂંટણીના કારણે ટૂંકા વિરામ બાદ ઓલ ઈન્ડિયા રેડિયો પર મન કી બાત કાર્યક્રમના આગામી એપિસોડ વિશે ખુશી વ્યક્ત કરી હતી. તેમણે માહિતી આપી હતી કે, આ મહિનાનો મન કી બાત કાર્યક્રમ ૩૦ જૂન, રવિવારના રોજ નક્કી કરવામાં આવ્યો છે. PM નરેન્દ્ર મોદીએ લોકોને MyGov ઓપન ફોરમ, નમો એપ પર લખીને અથવા ૧૮૦૦ ૧૧ ૭૮૦૦ પર સંદેશ રેકોર્ડ કરીને મન કી બાતના ૧૧૧મા એપિસોડ માટે તેમના વિચારો અને ઈનપુટ્સ શેર કરવા વિનંતી કરી. મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં કહ્યુંઃ "ચૂંટણીના કારણે થોડા મહિનાના અંતરાલ પછી, #MannKiBaat પાછી આવી છે તે જણાવતા આનંદ થાય છે! આ મહિનાનો કાર્યક્રમ ૩૦મી જૂન, રવિવારના રોજ થશે. હું તમને બધાને તેના માટે તમારા વિચારો અને ઈનપુટ્સ શેર કરવા માટે આહ્વાન કરું છું. MyGov ઓપન ફોરમ, NaMo એપ પર લખો અથવા તમારો સંદેશ ૧૮૦૦ ૧૧ ૭૮૦૦ પર રેકોર્ડ કરો."મોદી સતત ત્રીજી વખત વડાપ્રધાન તરીકે ચૂંટાયા બાદ આ એપિસોડ પ્રસારિત થનાર પ્રથમ હશે. પીએમ મોદીના ઓફિશિયલ પેજ પરથી કહેવામાં આવ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ જૂન, રવિવારે 'મન કી બાત' શેર કરશે. મન કી બાત કાર્યક્રમ ઓલ ઈન્ડિયા રેડિયો અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, ઓલ ઈન્ડિયા રેડિયો ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરવામાં આવશે. ઓલ ઈન્ડિયા રેડિયો, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું લાઈવ સ્ટ્રીમિંગ કરવામાં આવશે. ઓલ ઈન્ડિયા રેડિયો હિન્દી પ્રસારણ પછી તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમોનું પ્રસારણ કરશે.

# બિન હથીયારી ૪૧ પોલીસ ઈન્સ્પેક્ટરની આંતરીક બદલી

સુરત,તા.૧૮

વહીવટી કારણોસર સુરત કમિશ્નર દ્વારા આ પગલું ભરવામાં આવ્યું છે. એસ.આર.વેકરીયાના II PI પુણા પોલીસ સ્ટેશનથી સારોલી પોલીસ સ્ટેશન, એચ.એસ.આચાર્યની ટ્રાફિક શાખાથી ગોડાદરા પોલીસ સ્ટેશન બદલી કરવામાં આવી છે.સુરતમાં બિન હથીયારી ૪૧ પોલીસ ઈન્સ્પેક્ટરની આંતરિક બદલી કરવામાં આવી છે. વહીવટી કારણોસર સુરત કમિશ્નર દ્વારા આ પગલું ભરવામાં આવ્યું છે. એસ.આર.વેકરીયાના II PI પુણા પોલીસ સ્ટેશનથી સારોલી પોલીસ સ્ટેશન, એચ.એસ.આચાર્યની ટ્રાફિક શાખાથી ગોડાદરા પોલીસ સ્ટેશન, એચ.એમ. ચૌહાણની ટ્રાફિક શાખાથી મહિધરપુરા પોલીસ સ્ટેશન, કે. ડી. જાડેજાની લીવ રિઝર્વ કંટ્રોલથી સલાબતપુરા પોલીસ સ્ટેશન, એન. એમ. ચૌધરીની ટ્રાફિક શાખાથી લાલગેટ પોલીસ સ્ટેશન, વાય.બી. ગોહિલની વિશેષ શાખાથી સીંગણપોર પોલીસ સ્ટેશન, જી.એમ. હડીયાની સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનથી અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશન, જે. આઈ. પટેલની ટ્રાફિક શાખાથી વેસુ પોલીસ સ્ટેશન, બી. આર. રબારીની સલાબતપુરા પોલીસ સ્ટેશનથી ખટોદરા પોલીસ સ્ટેશન, એન. એચ. બ્રહ્મભટ્ટની વિશેષશાખાથી અલથાણ પોલીસ સ્ટેશન, એચ.એમ.ગઢવીની ભેસ્તાન પોલીસ સ્ટેશનથી પાંડેસરા પોલીસ સ્ટેશન બદલી કરવામાં આવી છે.આ ઉપરાંત પી.એન. વાઘેલાની લીવ રિઝર્વ કંટ્રોલથી સચીન પોલીસ સ્ટેશન, એમ.ઝેડ.પટેલની કંટ્રોલ રૂમથી ઉત્રાણ પોલીસ સ્ટેશન, આર.જે.ચૌધરીની લીવ રિઝર્વ કંટ્રોલથી રાંદેર પોલીસ સ્ટેશન, ડી.જી.રબારીની અઠવા પોલીસ સ્ટેશનથી જહાંગીરપુરા પોલીસ સ્ટેશન, વી.એલ.પરમારની એરપોર્ટ ઈમિગ્રેશનથી હજીરા પોલીસ સ્ટેશન, એન.વી.ભરવાડની એરપોર્ટ ઈમિગ્રેશનથી ડુમસ પોલીસ સ્ટેશન, વી.એલ.પટેલની લીવ રિઝર્વ કંટ્રોલથી ભેસ્તાન પોલીસ સ્ટેશન ખાતે બદલી કરવામાં આવી છે.

### રાજ્યમાં સ્કૂલવાન ચાલકો હળતાળ પર ઊતર્યા

# સ્કૂલ વર્ધી એશોસિયનને નિર્ણય કરતા હજારો વાલીઓ પરેશાન

## કાયદેસરની પરમીટ ન મળે ત્યાં સુધી હડતાળ ચાલુ રાખવાની ચાલકોની ચીમકી

અમદાવાદ,તા.૧૮

ગુજરાતભરમાં સ્કૂલ રિક્ષા ચાલકો તેમજ સ્કૂલવાન ચાલકો ચોક્કસ મુદ્દતની હડતાળ ઉતરી ગયા છે. તંત્ર, આરટીઓ તેમજ ટ્રાફિક પોલીસની કામગીરીના વિરોધમાં સ્કૂલવર્ધી ચાલકો હડતાળ પર ઉતરી ગયા છે. સ્કૂલ વર્ધી એશોસિયનને નિર્ણય કરતા હજરો વાલીઓ મુશ્કેલી મુકાયા છે. રાજ્યના ૮૦ હજાર કરતા પણ વધારે સ્કૂલવાન અને સ્કૂલ રિક્ષા ચાલકો હડતાળ પર ઉતરી ગયા છે. એક તરફ ઉનાળુ વેકેશન પૂરુ થઈ ગયું છે અને નવું શૈક્ષણિક સત્ર શરુ થઈ ગયું છે. ત્યારે આ હડતાળને લઈને વાલીઓનો હાલાકી ભોગવવી પડી રહી છે. હડતાળને પગલે પોતાના બાળકોને જાતે જ સ્કૂલમાં મૂકવા જવુ પડી રહ્યું છે. રિક્ષા-સ્કૂલવાન ચાલકોએ કાયદેસરની પરમીટ ન મળે ત્યાં સુધી હડતાળ ચાલુ રાખવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

### પન્નુ હત્યા ષડયંત્ર કેસમાં કાર્યવાહી શરૂ

# આરોપી નિખિલ ગુપ્તાએ યુએસ કોર્ટમાં પોતાને નિર્દોષ જાહેર કર્યા

## ખાલિસ્તાન સમર્થક ગુરપતવંત સિંહ પન્નુની હત્યાનું કાવતરું ઘડનાર ભારતીય નાગરિક નિખિલ ગુપ્તાને સોમવારે યુએસ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો

નવી દિલ્હી, તા.૧૮

ખાલિસ્તાન સમર્થક ગુરપતવંત સિંહ પન્નુની હત્યાનું કાવતરું ઘડનાર ભારતીય નાગરિક નિખિલ ગુપ્તાને સોમવારે યુએસ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન નિખિલે હત્યાનું કાવતરું ઘડવાના આરોપમાં પોતાને નિર્દોષ જાહેર કર્યો હતો.ભારતીય નાગરિક નિખિલ (૫૨)ને શુક્રવારે ચેક રિપબ્લિકથી અમેરિકા લાવવામાં આવ્યો હતો. યુએસ સરકારની વિનંતી પર ગયા વર્ષે ચેક રિપબ્લિકમાં તેની ધરપકડ કરવામાં આવી હતી.નિખિલ ગુપ્તાના વકીલ જેફરી ચેબ્રોવેના જણાવ્યા અનુસાર, તેમના અસીલને સોમવારે ન્યૂયોર્કની ફેડરલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાં તેણે પોતાને નિર્દોષ જાહેર કર્યા હતા. આ મામલો બંને દેશો માટે ઘણો જટિલ છે. પરંતુ તે પણ મહત્વપૂર્ણ છે તેથી અમે કોઈપણ પ્રકારની ઉતાવળ ટાળવા માંગીએ છીએ. નિખિલ ગુપ્તાએ કોર્ટ સમક્ષ કહ્યું કે તેના પર ખોટો આરોપ લગાવવામાં આવ્યો છે.અગાઉ, ચેક રિપબ્લિકની કોર્ટે નિખિલ ગુપ્તાને અમેરિકા પ્રત્યાર્પણ કરવાની વિનંતીને ફગાવી દીધી હતી.તેને ૨૮ જૂન સુધી કસ્ટડીમાં રાખવાનો આદેશન્યૂયોર્ક કોર્ટે નિખિલ ગુપ્તાને ૨૮ જૂને સુનાવણી સુધી કસ્ટડીમાં રાખવાનો આદેશ આપ્યો છે. દરમિયાન તેમના વકીલે જામીન માટે અરજી કરી ન હતી. ,નિખિલ ગુપ્તાની અમેરિકાની વિનંતી પર ૩૦ જૂને ચેક રિપબ્લિકમાં ધરપકડ કરવામાં આવી હતી. તેમની ધરપકડ પર તત્કાલીન વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યું હતું કે એક ભારતીય નાગરિક હાલમાં ચેક રિપબ્લિકની કસ્ટડીમાં છે. તેના પ્રત્યાર્પણ માટેની અરજી હાલમાં પેન્ડિંગ છે. અમને ત્રણ વખત કોન્સ્યુલર એક્સેસ મળ્યો.યુએસ ફેડરલ પ્રોસિક્યુટર્સે નિખિલ ગુપ્તા પર પૈસા માટે હત્યા અને હત્યાનું કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો છે. આ કેસમાં ઓછામાં ઓછી ૧૦ વર્ષની જેલની જોગવાઈ છે.પન્નુની હત્યાના કથિત કાવતરામાં ભારતીય નાગરિક નિખિલ ગુપ્તાનું નામ સામે આવ્યું હતું. અમેરિકી અધિકારીઓનો આરોપ છે કે નિખિલ ગુપ્તાએ એક અજાણ્યા ભારતીય સરકારી કર્મચારીના નિર્દેશ પર અમેરિકામાં પન્નુની હત્યાનું કાવતરું ઘડ્યું હતું. આ પછી અમેરિકાએ નિખિલ ગુપ્તા વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરી. અમેરિકાની અપીલ પર ચેક રિપબ્લિકે નિખિલ ગુપ્તાની ધરપકડ કરી હતી અને પ્રત્યાર્પણની તૈયારીઓ શરૂ કરી હતી.ગયા વર્ષે, ફાઈનાન્સિયલ ટાઈમ્સે તેના એક અહેવાલમાં દાવો કર્યો હતો કે પન્નુની હત્યા માટે અમેરિકામાં કાવતરું ઘડવામાં આવ્યું હતું, જેને અમેરિકાએ નિષ્ફળ બનાવ્યું હતું. કહેવાય છે કે અમેરિકાએ પણ આ મામલો ભારત સરકાર સમક્ષ ઉઠાવ્યો હતો.રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ મામલાની જાણકારી ધરાવતા લોકોએ એ નથી કહ્યું કે શું ભારતે આ મુદ્દો ઉઠાવ્યો હોવાને કારણે કાવતરાખોરોએ તેમની યોજનાઓ બદલી કે પછી એફબીઆઈના હસ્તક્ષેપને કારણે કાવતરું નિષ્ફળ ગયું. આ કેસમાં ભારતીય નાગરિક નિખિલ ગુપ્તા પર કથિત રીતે પન્નુની હત્યાનું કાવતરું ઘડવાનો આરોપ હતો. અમેરિકી અધિકારીઓએ આરોપ લગાવ્યો હતો કે નિખિલ ગુપ્તાએ ન્યૂયોર્ક સિટીમાં રહેતા શીખ અલગતાવાદી પન્નુને મારવા માટે એક હત્યારાને US$ 100,000 આપવા સંમત થયા હતા. તેમાંથી ૧૫ હજાર ડોલરની એડવાન્સ પેમેન્ટ ૯ જૂન ૨૦૨૩ના રોજ કરવામાં આવી હતી. પરંતુ, આ કામ માટે જે વ્યક્તિને રાખવામાં આવ્યો હતો તે અમેરિકન એજન્સીનો ગુપ્તચર એજન્ટ હતો.

### રાજ્યમાં ક્ષત્રિય સમાજના વિરોધ વચ્ચે જંગી લીડથી જીત્યા હતા

# મંત્રી ન બનાવવાનું કોઈ કારણ નથી PM મોદીના નિર્ણયનું સ્વાગત : રૂપાલા

## રાજકોટ જિલ્લા પંચાયતમાં જિલ્લા ગ્રામીણ વિકાસ એજન્સીની બેઠકમાં સાંસદ તરીકે હાજરી આપી

રાજકોટ, તા.૧૮

રાજ્યમાં ક્ષત્રિય સમાજના વિરોધ વચ્ચે જંગી લીડથી જીતેલા લોકસભાના સાંસદ પરશોત્તમ રૂપાલા આજે જિલ્લા પંચાયતમાં જિલ્લા ગ્રામીણ વિકાસ એજન્સી બેઠકમાં પ્રથમ વાર હાજરી આપવા આવ્યા હતા. આ તકે તેમણે મીડિયા સાથેની વાતચીતમાં પોતાને મંત્રી પદ ન મળ્યા મામલે કોઈ કારણ ના હોવાનું જણાવીને પીએમ નરેન્દ્ર મોદીના નિર્ણયનું સ્વાગત કર્યું હતું. આ ઉપરાંત ફાયર એન.ઓ.સી. સહિતના પ્રશ્ને તંત્ર અને સરકાર સાથે પરામર્શ કરીને સમસ્યાનું નિરાકરણ લાવવા માટે પ્રયત્ન કરીશ એમ જણાવ્યું હતું. રાજકોટના સાંસદ પરશોતમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે રાજકોટ જિલ્લા પંચાયતમાં આજે જિલ્લા ગ્રામીણ વિકાસ એજન્સીની બેઠકમાં લોકસભાનાં સાંસદ તરીકે હાજરી આપવા આવ્યો છું. પોતાને મંત્રી પદ ન મળવાનાં કારણો અંગે તેમણે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, મંત્રીપદ મળવાનાં કોઈ કારણો હોતાં નથી કે મંત્રીપદ ન મળવાનાં પણ કોઈ કારણો હોતાં નથી. અત્યારસુધીના જે નિર્ણયો વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા મારા માટે લેવામાં આવ્યા છે એમ આ નિર્ણય પણ મારા માટે લેવામાં આવ્યો હોય, તેથી સ્વાગત છે.તેમણે જણાવ્યું હતું કે ટીઆરપી ગેમ ઝોન દુર્ઘટના બાદ ફાયર એન.ઓ.સી.- બી.યુ. સર્ટિફિકેટ સહિતના પ્રશ્નો સામે આવ્યા છે. સરકારી વિભાગોની સક્રિયતાને કારણે જે ખામીઓ ઊભી થઈ છે એ હવે સપાટી પર આવી રહી છે. એને લીધે કેટલીક વ્યવહારિક સમસ્યાઓ ઊભી થઈ છે. તંત્ર અને રાજ્ય સરકાર સાથે પરામર્શમાં રહીને ખામીઓનો દુરુપયોગ ન થાય એ રીતે સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવશે.પ્રાથમિક પ્રશ્નો અંગે તેમણે જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લા પંચાયતનું નવું બિલ્ડિંગ બની રહ્યું છે, ત્યારે જિલ્લા પંચાયતનાં પ્રમુખ પ્રવીણાબેન રંગાણી સહિતના સાથે ચર્ચા કરવામાં આવી હતી. આ બિલ્ડિંગ કોર્ટ બિલ્ડિંગમાં શિફ્ટ થવા જઈ રહ્યુ છે. આ ઉપરાંત અન્ય મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

### ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો

# જુનાગઢના વિસાવદરમાં ધોધમાર વરસાદ વરસ્યો

## વિસાવદરમાં વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે

જુનાગઢ,તા.૧૮

હવામાન વિભાગની આગાહી વચ્ચે જુનાગઢના વિસાવદરમાં ધોધમાર વરસાદ વરસ્યો છે.વિસાવદરમાં વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે. વરસાદ પડવાથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. તેમજ સ્થાનિકોને અસહ્ય ગરમીથી લોકોને રાહત મળી છે.

છેલ્લા ૮ કલાકમાં રાજ્યના ૧૮ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતના તાલુકામાં પણ વરસાદ વરસ્યો છે. ક્યાંક ધીમી ધારે તો ક્યાંક ધોધમાર વરસાદ જોવા મળ્યો છે. કેટલાક તાલુકામાં મોટા પ્રમાણમાં થંડરસ્ટ્રોમ એક્ટિવિટી પણ જોવા મળી શકે છે.હવામાન વિભાગે આગામી ૭ દિવસ ગુજરાતમાં વરસાદી માહોલ રહે તેવી આગાહી કરી છે. કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ વરસી શકે છે. અમદાવાદ સહિત કેટલાક જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

### સીલ ખોલવા કરી માંગ, ૧ લાખ બાળકોનું શિક્ષણ અટવાયું

# શાળાઓ શરૂ થતાં પ્રિ સ્કૂલ સંચાલકો પણ મેદાને આવ્યા

## હાલમાં રાજકોટ અને સુરતમાં પ્રી સ્કૂલ શાળાઓના સીલ ખોલી દેવાયા છે તો અમદાવાદમાં સીલ ખોલવાના નિયમ અલગ કેમ?

અમદાવાદ,તા.૧૮

રાજકોટ અગ્નિ કાંડની ઘટના બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં અલગ અલગ મિલકતો સીલ કરવામાં આવી છે. જેમાં ૧૫૦ જેટલી પ્રિ સ્કૂલનો પણ સમાવેશ થાય છે.

ત્યારે હવે શાળાઓ શરૂ થતાં પ્રિ સ્કૂલ સંચાલકો પણ મેદાને આવ્યા છે. હાલમાં રાજકોટ અને સુરતમાં પ્રી સ્કૂલ શાળાઓના સીલ ખોલી દેવાયા છે તો અમદાવાદમાં સીલ ખોલવાના નિયમ અલગ કેમ? તેવા સવાલ સાથે પ્રિ સ્કૂલ સંચાલકોએ ઉઠાવ્યો છે .પ્રિ સ્કૂલ સીલ થતાં અમદાવાદમાં ૧ લાખ બાળકોનું શિક્ષણ અટવાયું છે ત્યારે પ્રિ સ્કૂલ ખોલવા માંગ કરી છે. અમદાવાદમાં પ્રી-પ્રાયમરી શાળાઓના સંચાલકો મેદાને પડયા છે. થોડા સમય પહેલા અમદાવાદની ૧૫૦થી વધુ પ્રી પ્રાયમરી શાળાઓ સીલ કરાઈ છે. તેવી જ રીતે રાજકોટ અને સુરતમાં પણ પ્રિ સ્કૂલ સીલ કરવામાં આવી હતી. પરંતુ રજૂઆતો બાદ ત્યાં સ્કૂલોમાં સીલ ખોલી દેવામાં આવ્યા છે તો અમદાવાદ માટે અલગ નિયમ કેમ? આવા સવાલો સાથે પ્રિ સ્કૂલના સંચાલકો અમદાવાદ કલેકટર કચેરીએ રજૂઆત માટે પહોચ્યા હતા.પ્રિ સ્કૂલ એસોસિએશનના અગ્રણી સાગરભાઈ નાયકે જણાવ્યું કે, અધિકારીઓ પાસે પૂરતી માહિતી ન હોવાથી નિયમ વિરુદ્ધ સીલ મરાયા છે. દરેક પ્રિ સ્કૂલમાં ૨૦૨૧ના પરિપત્ર મુજબના ફાયરના સાધનો ઉપલબ્ધ છે. GDCR ના નિયમ મુજબ રેસિડેન્શિયલ વિસ્તારમાં મંજૂરી સાથે પ્રી-સ્કૂલ ચલાવી શકાય છે. રાજકોટ અને સુરતમાં પ્રી સ્કૂલ શાળાઓના સીલ ખોલી દેવાયા છે તો અમદાવાદમાં પણ સીલ ખોલવામાં આવે એવી રજૂઆત કરવામાં આવી છે. જેથી અમદાવાદ કલેકટર અને અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરને પણ રજૂઆત કરી છે અને સીલ કરાયેલ શાળાઓને શરૂ કરવા દેવા માંગ કરી છે.રાજકોટ અને સુરતમાં પ્રી સ્કૂલ શાળાઓના સીલ ખોલી દેવાયા છે તો અમદાવાદમાં પણ સીલ ખોલવામાં આવે એવી રજૂઆત કરવામાં આવી છે. જેથી અમદાવાદ કલેકટર અને અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરને પણ રજૂઆત કરી છે અને સીલ કરાયેલ શાળાઓને શરૂ કરવા દેવા માંગ કરી છે.રાજકોટ અને સુરતમાં પ્રી સ્કૂલ શાળાઓના સીલ ખોલી દેવાયા છે તો અમદાવાદમાં પણ સીલ ખોલવામાં આવે એવી રજૂઆત કરવામાં આવી છે. જેથી અમદાવાદ કલેકટર અને અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરને પણ રજૂઆત કરી છે અને સીલ કરાયેલ શાળાઓને શરૂ કરવા દેવા માંગ કરી છે.મહત્વનું છે કે પ્રિ સ્કૂલ સંચાલકોએ રજૂઆત કરી છે કે મોટા ભાગે પ્રિ સ્કૂલ મહિલાઓ ચલાવી રહી છે. તેઓનો પરિવાર તેના પર નભે છે. સીલ મારતા અમદાવાદના એક લાખથી વધુ બાળકોનો અભ્યાસ બગડી રહ્યો છે જેથી ઝડપથી સીલ ખોલવા રજૂઆત કરી છે.

### રાહુલ રાયબરેલીથી સાંસદ રહેશે

# જો પ્રિયંકા વાયનાડથી જીતશે તો પરિવારના ત્રણ સભ્યો સંસદમાં રહેશે

## પહેલીવાર ગાંધી પરિવારના આ ત્રણ સભ્યો સોનિયા ગાંધી, રાહુલ અને પ્રિયંકા એકસાથે સંસદના સભ્ય બનશે

નવી દિલ્હી, તા.૧૮

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ઉત્તર પ્રદેશમાં રાયબરેલી લોકસભા બેઠક જાળવી રાખશે અને કેરળમાં તેમની વાયનાડ બેઠક ખાલી કરશે. તેમની બહેન પ્રિયંકા ગાંધી વાડ્રા વાયનાડ લોકસભા મતવિસ્તારમાંથી પેટાચૂંટણી લડીને તેમની ચૂંટણીની ઈનિંગ શરૂ કરશે. જો પ્રિયંકા પેટાચૂંટણી જીતી જાય છે, તો તે પહેલીવાર હશે જ્યારે તે સાંસદ તરીકે સંસદમાં પ્રવેશ કરશે. સાથે જ પહેલીવાર ગાંધી પરિવારના આ ત્રણ સભ્યો સોનિયા ગાંધી, રાહુલ અને પ્રિયંકા એકસાથે સંસદના સભ્ય બનશે.કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ અહીં તેમના નિવાસસ્થાને પાટીના ટોચના નેતાઓની બેઠક બાદ રાહુલે વાયનાડ બેઠક ખાલી કરવા અને પ્રિયંકા ત્યાંથી પેટાચૂંટણી લડવા અંગેના નિર્ણયની જાહેરાત કરી હતી. ખડગે અને રાહુલ ઉપરાંત કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી, પાટીના મહાસચિવ કે. બેઠકમાં સી. વેણુગોપાલ અને પ્રિયંકા ગાંધી વાડ્રા હાજર હતા.જો કે, ભારતીય જનતા પાટીએ આ નિર્ણય માટે કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે આ વંશવાદી રાજકારણનો સ્પષ્ટ મામલો છે. કેન્દ્રમાં શાસક પક્ષના પ્રવકતા શહેઝાદ પૂનાવાલાએ કહ્યું, 'આ સાબિત કરે છે કે કોંગ્રેસ પાટી નથી પરંતુ પરિવારની કંપની છે.'તાજેતરમાં પૂર્ણ થયેલી લોકસભા ચૂંટણીમાં, રાહુલે વાયનાડ અને રાયબરેલી એમ બે બેઠકો જીતી હતી અને ૪ જૂને ચૂંટણી પરિણામોની ઘોષણા થયાના ૧૪ દિવસની અંદર તેમણે આમાંથી એક બેઠક ખાલી કરવી પડશે. ખડગેએ મીટિંગ બાદ મીડિયાને કહ્યું, 'રાહુલ ગાંધી લોકસભાની બે સીટ પરથી જીત્યા છે પરંતુ કાયદા મુજબ તેમણે એક સીટ ખાલી કરવી પડશે. રાહુલ ગાંધી રાયબરેલી બેઠક જાળવી રાખશે અને અમે નક્કી કર્યું છે કે પ્રિયંકા જી વાયનાડથી (લોકસભા પેટાચૂંટણી) લડશે.તેણે કહ્યું, 'વાયનાડથી ચૂંટણી લડવા માટે સંમત થવા બદલ અમે તેનો (પ્રિયંકા) આભાર માનીએ છીએ.' કોંગ્રેસ અધ્યક્ષે રાયબરેલી સહિત ઉત્તર પ્રદેશમાં પાટીને ઘણી બેઠકો જીતવામાં મદદ કરવાના પ્રિયંકાના પ્રયાસોની પ્રશંસા કરી. પ્રિયંકા લોકસભા ચૂંટણી દરમિયાન પાટીની સ્ટાર પ્રચારક હતી અને તેણે પોતે ચૂંટણી લડી ન હતી. જ્યારે પૂછવામાં આવ્યું કે શું રાહુલે લોકસભામાં વિપક્ષના નેતાનું પદ સંભાળવાનો નિર્ણય કર્યો છે, ખડગેએ કહ્યું કે આ અંગે ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવશે.તાજેતરમાં, કોંગ્રેસ કાર્યકારી સમિતિ (CWC) એ સર્વસંમતિથી એક ઠરાવ પસાર કર્યો હતો જેમાં રાહુલને સંસદના નીચલા ગૃહમાં વિપક્ષના નેતાની જવાબદારી સંભાળવાની વિનંતી કરવામાં આવી હતી. તેમને ફરીથી ચૂંટવા બદલ વાયનાડના લોકોનો આભાર વ્યક્ત કરતા રાહુલે કહ્યું કે તેઓ વાયનાડની મુલાકાત લેતા રહેશે અને ત્યાંના લોકોને આપેલા તમામ વચનો પૂરા કરશે.તેમણે કહ્યું કે રાયબરેલી અને વાયનાડને 'બે-બે સાંસદો' મળશે. તેણે એમ પણ કહ્યું કે તે તેના માટે મુશ્કેલ નિર્ણય હતો કારણ કે તે રાયબરેલી અને વાયનાડ બંને સાથે ભાવનાત્મક જોડાણ ધરાવે છે.

### ટેટ-ટાટ પાસ ઉમેદવારોની અટકાયત મુદ્દો

# કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે ખાલી પડેલી જગ્યાઓ પર તાત્કાલિક કાયમી શિક્ષકોની ભરતી કરવા માંગ કરી

## દુખ છે કે ટેટ ટાટ પાસ ઉમેદવારોએ ભરતીની રજુઆત માટે ગાંધીનગર એકઠા થવુ પડે છે :શક્તિસિંહ ગોહિલ

ગાંધીનગર,તા.૧૮

ગુજરાત કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે ખાલી પડેલી જગ્યાઓ પર તાત્કાલિક કામયી શિક્ષકોની ભરતી કરવા માંગ કરી છે. આજે ગાંધીનગર ખાતે કાયમી ભરતીની માંગ સાથે આંદોલન કરી રહેલા ટેટ-ટાટ પાસ ઉમેદવારોની અટકાય મુદ્દે શક્તિસિંહ ગોહિલે કહ્યું કે લોકશાહીમાં માગણી કરવાનો, આંદોલન કરવાનો અને શાંતિ પુર્વક રેલી કાઢવાનો બંધારણીય અધિકારી છે. દુખ છે કે ટેટ ટાટ પાસ ઉમેદવારોએ ભરતીની રજુઆત માટે ગાંધીનગર એકઠા થવુ પડે છે. તેમણે ઉમેર્યુ કે સરકારમાં શિક્ષકની અનેક જગ્યાઓ ખાલી છે. જ્ઞાન સહાયકથી ના શિક્ષકને કે ન વિદ્યાર્થીને સંતોષ મળે ટાટ ટેટ પાસ ઉમેદવારની કાયમી શિક્ષક તરીકે ભરતી કરવા માંગ લાંબા સમયથી કરી રહ્યા છે. ચુંટણી અગાઉ સરકારે ૧૫ જુન સુધી ભરતી કરવાની ખાત્રી આપી હતી. આજે ૧૮ તારીખ થઈ છતાં ભરતી થઈ ન હોવાથી ઉમેદવારો માત્ર ગાંધીનગર રજુઆત કરવા ગયાં ત્યાં ઉમેદવારો સાથે સરકારનું વર્તન અયોગ્ય રહ્યું હતું. રજુઆત કરવા એકઠા થયેલા ઉમેદવારોમાં દિકરીઓ પણ હતી. દિકરી સાથે કેવી રીતે વર્તન કરવામાં આવ્યું તે જોઈ શિક્ષકોએ તેમણે કહ્યું કે શિક્ષકો સાથે કરવામાં આવેલો વ્યવહાર અયોગ્ય છે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને ઉદ્દેશી શક્તિસિંહ ગોહિલે કહ્યું કે આ પ્રકારે આપણી સરકારમાં ચાલતુ હોય તો તે વ્યાજબી નથી. મુખ્યમમંત્રી સુચના આપે કે જે ઉમેદવરોને જે પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યા હોય તેમણે મુક્ત કરવામાં આવે અને તેમની સાથે સંવાદ કરવામાં આવે, સરકાર આ અંગે સકારાત્મક વિચારણા કરે. ટેટ ટાસ પાસ ઉમેદવારોની માંગણી વ્યાજબી છે તેમની કાયમી ભરતી કરવામાં આવે.

### રાહુલે વાયનાડ સીટ છોડવા પર પૂર્વ કેન્દ્રીય મંત્રી

# વી મુરલીધરને કહ્યું, 'આ જનતા સાથે વિશ્વાસઘાત છે'

## કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વાયનાડ લોકસભા સીટ છોડવાનો નિર્ણય કર્યો છે, તેઓ રાયબરેલીથી સાંસદ રહેશે

નવી દિલ્હી, તા.૧૮

રાહુલ ગાંધીએ વાયનાડ સીટ છોડીને રાયબરેલી સીટ પોતાના માટે રાખવા પર ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી વી મુરલીધરને કહ્યું કે આ વાયનાડના લોકો સાથે દગો કરવા જેવું છે. રાહુલ ગાંધીએ અગાઉથી જણાવવું જોઈતું હતું કે તેઓ બે બેઠકો પર ચૂંટણી લડશે. અને તેઓ ફરીથી તેમના પરિવારના એક સભ્યને મેદાનમાં ઉતારી રહ્યા છે, જે સાબિત કરે છે કે કોંગ્રેસ પરિવાર દ્વારા સંચાલિત અને માલિકીની પાટી છે.

પૂર્વ કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે આ લોકતાંત્રિક પ્રથાઓને ક્ષીણ કરવા જેવું છે. મને નથી લાગતું કે કેરળના લોકો આવા નિર્ણયોને સ્વીકારશે.ઉલ્લેખનીય છે કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વાયનાડ લોકસભા સીટ છોડવાનો નિર્ણય કર્યો છે. તેઓ રાયબરેલીથી સાંસદ રહેશે. આ અંગે માહિતી આપતા પાટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે પ્રિયંકા ગાંધી વાયનાડ સીટ પર થનારી પેટાચૂંટણીમાં કોંગ્રેસના સત્તાવાર ઉમેદવાર હશે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જાહેરાત કરતા કહ્યું કે, ''રાહુલ ગાંધી લોકસભાની બે બેઠકો પરથી જીત્યા, પરંતુ કાયદા મુજબ, તેમણે એક બેઠક ખાલી કરવી પડશે. રાહુલ ગાંધી રાયબરેલીને જાળવી રાખશે અને અમે નક્કી કર્યું છે કે પ્રિયંકા જી વાયનાડથી ચૂંટણી લડશે.'' ''તે જાણીતું છે કે રાહુલ ગાંધીએ તાજેતરમાં પૂર્ણ થયેલી લોકસભા ચૂંટણીમાં તેમની બંને બેઠકો - વાયનાડ અને રાયબરેલીમાં ભારે માર્જિનથી જીત મેળવી હતી.

નવી દિલ્હીમાં પાટીના વડા મલ્લિકાર્જુન ખડગેના નિવાસસ્થાને ચર્ચા કર્યા પછી કોંગ્રેસના ટોચના નેતૃત્વ દ્વારા પ્રેસ કોન્ફરન્સ દરમિયાન આ નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી.જ્યારે રાહુલ ગાંધી ૨૦૧૯ માં અમેઠીમાં ભાજપની સ્મૃતિ ઈરાની સામે હારી ગયા, ત્યારે વાયનાડે તેમને તેના પ્રતિનિધિ તરીકે ચૂંટ્યા અને તેમને ભારતની સંસદમાં મોકલ્યા.નિયમો અનુસાર, રાહુલ ગાંધીએ ૪ જૂને જાહેર થયેલા લોકસભાના પરિણામોના ૧૪ દિવસની અંદર એક બેઠક ખાલી કરવાની હતી. હવે જ્યારે રાહુલ ગાંધીએ રાયબરેલીમાં રહેવાનું પસંદ કર્યું છે, ત્યારે તેમની બહેન પ્રિયંકા વાયનાડની ખાલી પડેલી બેઠક પરથી પેટાચૂંટણી લડશે.

# UPI પેમેન્ટ કરનારાં લોકોને હવે લાગી શકે છે ચાર્જ

નવીદિલ્હી,તા.૧૮

આજકાલ દરેક વ્યક્તિ UPI પેમેન્ટ કરે છે. જો તમે પણ આવું કરો છો તો આ સમાચાર સાંભળીને તમને ચોક્કસથી થોડો આંચકો લાગશે. કારણ કે એક નવો રિપોર્ટ સામે આવ્યો છે અને તેમાં કહેવામાં આવ્યું છે કે UPI પેમેન્ટ પર ચાર્જ લાગશે. આજે અમે તમને આ વિશે જ માહિતી આપવા જઈ રહ્યા છીએ.ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરનારા યુઝર્સને ચાર્જ ચૂકવવો પડી શકે છે. જો કે હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. પરંતુ ઈકોનોમિક ટાઈમ્સ સાથે વાત કરતા નિષ્ણાતોએ આ જાણકારી આપી છે.હવે મોટાભાગની બેંકો આ નેટવર્કનો ઉપયોગ કરી રહી છે કારણ કે Rupay એ ભારતનું નેટવર્ક છે. જ્યારે પહેલા વિઝા અને માસ્ટરકાર્ડનો ઉપયોગ થતો હતો. પરંતુ હવે મોટી બેંકો પણ આ નેટવર્ક દ્વારા ક્રેડિટ જાહેર કરી રહી છે. જોકે, નિષ્ણાતોએ આ માહિતી આપી નથી. પરંતુ MDR ચાર્જમાં ચોક્કસ ફેરફાર થઈ શકે છે. હાલમાં ૨,૦૦૦ રૂપિયા સુધીના પેમેન્ટ પર કોઈ ચાર્જ લાગતો નથી. હવે આ નિર્ણય ટ્રાન્ઝેક્શનની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે.

જો કે આ અંગે કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી. પરંતુ નિષ્ણાંતોનું કહેવું છે કે આ ફેરફારો બહુ જલ્દી કરવામાં આવી શકે છે. આ પછી જો તમે Google Pay, Phone Pay, Paytm અથવા કોઈપણ પેમેન્ટ એપ પર ક્રેડિટ કાર્ડની મદદથી પેમેન્ટ કરો છો તો તમારે આ ચાર્જ ચૂકવવો પડી શકે છે.સ્ટોક અને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવા માટે હવે ઘણી એપ્સ ઉપલબ્ધ છે, જેમાં લોકો વિવિધ રકમનું રોકાણ કરે છે. પરંતુ ત્યારબાદ, તેમના તમામ રોકાણો, ફોલિયો અને મ્યુચ્યુઅલ ફંડને ટ્રેક કરવા માટે લોકોને વિવિધ સાઈટ્સ અને એપ્લિકેશનોનો ઉપયોગ કરવો પડે છે. જો તમે ઈચ્છો, તો તમે એક જ સમયે બધું ટ્રેક કરી શકો છો. આવો જાણીએ આ માટે શું કરવું જોઈએ.

તમે એક જ જગ્યાએ સ્ટોક અને મ્યુચ્યુઅલ ફંડને સરળતાથી ટ્રેક કરી શકો છો. આ માટે તમે અલગ અલગ વેબસાઈટ અને એપ્સનો ઉપયોગ કરી શકો છો. જો તમે ઈચ્છો તો, તમે યુનિ વેબસાઇટની આ લિંકની મુલાકાત લઈને પણ ટ્રેક કરી શકો છો: groww.in/track. આ માટે તમારે ગ્રો પર પોતાને રજીસ્ટર કરાવવું પડશે. જો તમે ઈચ્છો તો ગ્રોની એપ પણ ડાઉનલોડ કરી શકો છો.

# મુખ્યમંત્રીના હસ્તે ૪૪ રિચાર્જ બોરવેલનું ગાંધીનગરથી લોકાર્પણ

## આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે રાજ્યનાં ૭૫ ગામોમાં રિચાર્જ બોરવેલનું આયોજન કર્યું હતું

ગાંધીનગર,તા.૧૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન-VYO દ્વારા રાજ્યમાં નિર્મિત ૪૪ રિચાર્જ બોરવેલનું ગાંધીનગરથી લોકાર્પણ કર્યું હતું. વલ્લભ કુલભૂષણ વૈષ્ણવાચાર્યવ્રજેશકુમારજીની પ્રેરણાથી VYO એ જળ સંરક્ષણ અભિયાન અંતર્ગત આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે રાજ્યનાં ૭૫ ગામોમાં રિચાર્જ બોરવેલનું આયોજન કર્યું હતું. આ અગાઉ ૩૧ રીચાર્જ બોરવેલના સફળતાપૂર્વક લોકાર્પણ બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંગળવારે ૧૮ મી જુને વધુ ૪૪ રિચાર્જ બોરવેલના લોકાર્પણ કર્યા હતા.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાણી જેવા મહત્વપૂર્ણ વિષય સહિત જીવ માત્રની સેવાના ઉદ્દેશ્યથી થતા સમાજ સેવા કાર્યોમાં સરકારના સહયોગની નેમ વ્યક્ત કરી હતી.તેમણે કહ્યું કે, પાણી એ વિકાસની પહેલી શરત છે અને ગ્રીન કવર ઘટી જતાં પાણી હવે રોકાઈને જમીનમાં ઉતરતા નથી. આના પરિણામે ભૂગર્ભ જળસ્તર નીચા ગયા છે અને પાણીની સમસ્યા સર્જાઈ છે તેને નિવારવા બોરવેલ રિચાર્જ જરૂરી બન્યા છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, ગ્લોબલ વોર્મિંગ સામે પર્યાવરણ અને પ્રાકૃતિક સંપદાની જાળવણી અને રખરખાવ તથા જળ સંચય, જળ સંરક્ષણ જેવા અભિયાન તેમના માર્ગદર્શનમાં સફળ થયા છે.પાણી એ કુદરતની અનમોલ ભેટ છે. તેનું સંવર્ધન કરવું તથા પ્રકૃતિ સાથે જોડાયેલા રહેવું એ આપણા ભવિષ્ય માટે આવશ્યક છે.

તેમણે ગુજરાતમાં જળ સંચય-જળ સંરક્ષણ અભિયાનથી ભૂગર્ભ જળ સ્તર ઊંચા આવ્યા હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. કેન્દ્ર સરકારની અટલ ભૂજળ યોજના અન્વયે આ વર્ષે રાજ્યના બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાઓમાં રિચાર્જ ટ્યુબવેલ માટેના ૯૮ કરોડ રૂપિયાના કામોનું આયોજન છે તેની પણ ભૂમિકા મુખ્યમંત્રીએ આપી હતી.

# અમરેલી જિલ્લાનાં વિકાસ માટે રૂપિયા ૧૨.૬૧ કરોડનાં વિકાસ કાર્યો મંજુર



રાજયના મત્સ્યદ્યોગ રાજયમંત્રી અને અમરેલી જીલ્લાના પ્રભારી મંત્રી પરશોતમભાઈ સોલંકીની અધ્યક્ષતામાં વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં અમરેલી જીલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ હતી. જીલ્લા સેવા સદન ખાતે યોજાયેલ આ બેઠકમાં અમરેલી જીલ્લાના વિકાસને વેગ આપતા અને લોકોની સુવિધા–સુખાકારીમાં વધારો કરતા રૂ.૧૨.૬૧ કરોડના ખર્ચે થનારા ૪૯૧ વિકાસના કામો મંજૂર કરવામાં આવ્યા છે. બેઠકમાં, જીલ્લા કલેકટર કચેરી ખાતે સાંસદ ભરતભાઈ સુતરિયા, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, અમરેલી જીલ્લા કલેકટર અજય દહિયા, ધારી– બગસરા– ખાંભા વિસ્તારના ધારાસભ્ય જે.વી.કાકડિયા સહિતના પદાધિકારી ઓની ઉપસ્થિતિમાં મળેલી આ બેઠકમાં જીલ્લાના ૧૧ તાલુકાઓ અને ૯ નગરપાલિકાઓ માટે વિવિધ અનુદાન હેઠળ વિકાસ કાર્યોનું આયોજન રજૂ કાર્યોને મંજૂરી આપી હતી, આ સાથે તેમણે પ્રજાલક્ષી આ વિકાસના કામોને સમય મર્યાદામાં પૂર્ણ કરવા માટે સૂચનાઓ આપી હતી. અગાઉ બાકી રહેલા વિકાસના કામોની સમીક્ષા પણ આ બેઠકમાં કરવામાં આવી હતી, આ કામોને પણ વહેલી તકે પૂર્ણ કરવા નિર્દેશ આપવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, જીલ્લામાં રૂ. ૧૨.૬૧ કરોડના ખર્ચે થનાર ૪૯૧ વિકાસના કામોમાં રસ્તા, ભૂગર્ભ ગટર, પૂર સંરક્ષણ દિવાલ, કોઝ–વે, વોશિંગ–ઘાટ, આંગણવાડી, સ્ટ્રીટ લાઈટ, બસ સ્ટેન્ડ વગેરે જેવા માળખાકીય અને જનસુખાકારીના કામોને આવરી લેવામાં આવ્યા છે. આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, જીલ્લા આયોજન મંડળના નિરીક્ષક એન.આર. ટોપરાણી, જીલ્લા આયોજન અધિકારી એચ.બી.પટેલ. જીલ્લા પંચાયત સામાજીક ન્યાય સમિતિના ચેરમેન જીલ્લાના પ્રાંત અધિકારીઓ, તાલુકા વિકાસ અધિકારીઓ, ચીફ ઓફિસરઓ, સહિતના જીલ્લા વહીવટી તંત્રના સંબંધિત અધિકારી– કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## પાના ૧ ઉપરનું ચાલું બગસરા પાલિકાનાં શાસકો

કર્મચારીઓ દ્વારા તારીખ ૧૮ જૂનથી શહેરની સફાઈ બંધ કરી પોતાના પડતર પ્રશ્નો જેવા કે દર માસે પગાર કરવા, દિવાળી પર બોનસ આપવું, પાલિકામાં કાયમી સફાઈ કર્મચારીની ભરતી કરવી, ગણવેશ સહાય ચૂકવવી, જેવા અનેક પ્રશ્નો સાથે આજે સફાઈ કર્મચારીઓ દ્વારા નગરપાલિકા વિઢદ્ધ પ્રતિકાત્મક ઘરણા નો કાર્યક્રમ કર્યો હતો. હજુ નગરપાલિકા દ્વારા સફાઈ કર્મચારીઓનાં પ્રશ્નો યોગ્ય નિકાલ કરવામાંનહીંઆવેતોઆગામી દિવસોમાં પણસફાઈ બંધરાખી આંદોલન કરવામાં આવશે. તે જણાવવામાં આવ્યું છે. આ બાબતે પાલિકા પ્રમુખ જયોત્સનાબેન રીબડીયાનાં જણાવ્યા અનુસાર તેમના મોટાભાગનાં પ્રશ્નોનું નિરાકરણ લાવી દેવામાં આવેલછે. નીતિવિષેપ્રશ્નોબાબતે રાજયસરકારમાંરજૂઆત કરેલછે. તેમજ તેમનોપગાર દર માસેચૂકવીદેવામાંઆવે તેમાટેનાપ્રયત્નોસતતશરૂ રાખેલહોવાનું જણાવ્યુંહતું.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી, સાવરકુંડલામાં "મહારાજ" ફિલ્મને લઈને

પરથીફિલ્મબનાવનાર યશરાજ ફિલ્મ્સ પ્રા.લી. તેમજ ઓટીટી પ્લેટફોર્મ પર નેટફિલકસ પર અને ફિલ્મના નિર્માતા સિદ્ધાર્થ પ્રેમકૃષ્ણન મલ્હોત્રા સહિતના સામે આઈપીસી કલમ ૧૫૩એ, ૨૯૫ એ, ૫૦૫(૨) અને ૩૪ હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવે. આ નવલકથામાં તેમજ રીલીઝ થનાર ફિલ્મમાં હિંદુ સંસ્કૃતિને ઠેસ પહોંચે તેવું ફિલ્માંકન કરવામાં આવ્યું છે. જેનાથી પુષ્ટીમાર્ગ સંપ્રદાયના વૈષ્ણવ ભકતોની ધાર્મિક ભાવનાઓનેઆહત કરવામાટે કરવામાં આવ્યો છે. જે અંગે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી આવેદનપત્રના અંતમાં માંગ કરવામાં આવેલ છે.

**સાવરકુંડલા**

શ્રી ગોવર્ધન નાથજી હવેલી નામેનેજીંગ ટ્રસ્ટી મયૂરભાઈ સાગર તથા મહાપ્રભુજી બેઠકજી ના વિજયકુમાર વસાણી, રાજુભાઈ શીંગાળા દ્વારા આજરોજ એક આવેદન પત્ર સરકારને આપેલ છે તેમજ રવિવારે તા.૧૬/૬/૨૪ ના શ્રી મહાપ્રભુજી બેઠકજીના ગાદીપતી તથા અમરેલી ચંપારણ કાંદીવલી સુરતના ગાદીપતી શ્રી દ્વારકેશલાલજી મહારાજ તથા શ્રી પૂરૂષોતમલાલજી મહારાજની આજ્ઞા મુજબ એક પોલીસ ફરિયાદ પણ નોંધાવી છે. મહારાજા પિકચરમાં વૈષ્ણવ સંપ્રદાય તથા વૈષ્ણવ સંપ્રદાયના સ્થાપક શ્રી મહાપ્રભુજી વીશે અભદ્ર રીતે દર્શાવવામાં તથા વૈષ્ણવ ધર્મ વિરૂદ્ધ અશ્લીલ ભાષાઓનો ઉપયોગ કરી આ પિકચરમાં કરી કરોડો વૈષ્ણવો તથા અમારા ગુરૂઓ સમાન શ્રી મહાપ્રભુજીના વંશજોના હૃદયની લાગણીઓ દુભાવેલ છે. કોઈપણ વ્યકિતને કોઈપણ ધર્મ વિરૂદ્ધ વાતો કરવી કે ખરાબ બતાવવાનો કોઈને હક્ક નથી. આ બાબતે હાલની સરકાર એવો કાયદાઓ બનાવી દરેક ધર્મની રક્ષા કરવા માટે કડકમાં કડક સજા થાય તેવી યોગ્ય કાર્યવાહીઓ થાય ને આ પિકચર કોઈપણ સંજોગોમાં રીલીઝ ન થાય ને અમારી લાગણીઓ સરકાર ધ્યાનમાં લઈને અમારી લાગણીને વાચા આપે ને ભવિષ્ય માં કોઈપણ ધર્મની કોઈપણ ખરાબ જાતની ટીપ્પણી ન કરે એવી અમારી લાગણી અને માંગણી છે. જે બાબતે સરકારને નમ્ર વિનંતી અરજ કરીએ છીએ શ્રી ગોવર્ધન નાથજી હવેલીના એ.ડી. રૂપારેલ, મે.ટ્રસ્ટી મયૂરભાઈ સાગર, પરેશભાઈ, જગુભાઈ, અષ્ટકાંતભાઈ, સુરેશભાઈ, કિશોરભાઈ, રશ્મિનભાઈ તથા ટ્રસ્ટી અનેકારોબારીમંડળ, હિતેશભાઈ સરૈયા તથા શ્રી મહાપ્રભુજી બેઠકજી ના વિજયકુમાર વસાણી, સાવરકુંડલાના તેમજ વિના સૌ વૈષ્ણવો વતી અપીલ કરીએ છીએ તેમજ રાજુભાઈ શીંગાળાએ સાથે રહી મામલતદાર, પોલીસ અધિકારીઓ તથા ધારાસભ્યોને સાથે રહીને તમામને આવેદનપત્ર ધ્વારા તેઓએ પણ વિનંતી કરવામાં સાથે રહ્યા હતા. જયશ્રીકૃષ્ણ જયશ્રી વલ્લભ.


## સંકુલ ધો. ૬ થી ૧૨ સ્કૂલ – હોસ્ટેલ 6 મંથ ફ્રી

| ધોરણ | ગુજ.મિડી. | GSEB | ICSE | હોસ્ટેલ |
|---|---|---|---|---|
| ધો. ૬ થી ૮ | ૩૧૦૦ | ૪૬૦૦ | ૫૫૦૦ | ૧૨૨૦૦ |
| ધો. ૯–૧૦ | ૩૭૦૦ | ૫૫૦૦ | ૬૫૦૦ | ૧૨૬૦૦ |
| ધો. ૧૧ – ૧૨ આર્ટસ | ૪૨૦૦ | -- | -- | " |
| ધો. ૧૧ – ૧૨ કોમર્સ | ૪૬૦૦ | ૬૯૦૦ | -- | " |
| ધો. ૧૧ – ૧૨ સાયંસ | ૧૨૯૦૦ | ૧૨૯૦૦ | -- | " |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ (લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad 047


## પાના ૧ ઉપરનું ચાલું નીલગાયનો મૃતદેહ મળી આવ્યો

દ્વારા જાણ કરાતા વન વિભાગનાં અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવેલા અને સાથે સાથે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હતી. જોકે આ નીરગાય કયા કારણોસર મૃત્યુ પામી છે તે જાણવા મળી શકાય એવું નથી પરંતુ પ્રાથમિક તારણ મુજબ આ નીલગાય ઘણા સમયથી આ વિસ્તારમાં રહેતી હતી અને આજે સવારે જ સોસાયટીનાં લોકોને આ નીલગાય મૃત્યુ પામી હોય તેવું જણાવતા જ તેમને વન વિભાગ સંપર્ક સાધતા વનવિભાગની ટીમમાં તાત્કાલિક અગત્યના સ્થળે દોડી આવેલી અને આ નીલ ગાયને આ સ્થળ પરથી હટાવવાની કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરીમાં વનપાલ આઈ.વી. ગોહિલ, ટ્રેકર ભરત જોગદિયા, રેસ્કયું ટીમમાંથી જુનેદભાઈ અને ભરતભાઈ સહિત સ્ટાફે હાજર રહી આ કામગીરી કરેલ ત્યારે આટલી ઝડપી કામગીરી કરવા બદલ આ વિસ્તારનાં રહીશોએ વનવિભાગ સ્ટાફનો આભાર વ્યક્ત કરેલ.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં ભીમ અગિયારશનો જુગાર

પણ અલગ અલગ સાત જેટલાં સ્થળોએ તહેવારોયો જુગાર રમતાં ૩૭ જેટલાં બાજીગરો રોકડ રકમ સહિત કુલ રૂપિયા ૧.૨૮ લાખના મુદામાલ સાથે ઝડપાયા હતા.

દામનગર ગામની સીમમાં ધામેલ રોડ ઉપર રાણાભાઈ કાનજીભાઈ નારોલાની વાડીના રસ્તામાં સાત ઈસમો પૈસા તથા પાના વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતાં રોકડા રૂા. ૨૩,૯૫૦ તથા મોબાઈલ ફોન નંગ–૭ કિંમત રૂપિયા ૪૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૬૩,૯૫૦ ના મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન ઝડપાયા હતા.

સાવરકુંડલા તાલુકાના વિરડી ગામે મેલડી માતાના મંદિર પાસે પાંચ ઈસમો તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા રોકડા રૂપિયા ૧૦,૩૨૦ ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન ઝડપાયા હતા. જયારે સાવરકુંડલા તાલુકાના મોટા ઝીંઝુડા ગામે ત્રણ ઈસમો જાહેરમાં તીનપતીનો હાર જીતનો જુગાર રમતાં રોકડા રૂપિયા ૧૧,૭૫૦ ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન ઝડપાયા હતા.

સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે આઠ ઈસમો જાહેરમાં તીનપતીનો હાર જીતનો જુગાર રમતાં રોકડા રૂપિયા ૧૪,૨૮૦ ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન આઠેય ઈસમો ઝડપાયા હતા.

અમરેલી તાલુકાના કમીગઢ ગામે સાતેય ઈસમો કમીગઢ ગામના યોગેશભાઈ બાબુભાઈ ગોજારીયાના ઘર પાસે જાહેરમાં તીન–પત્તીનો જુગાર રમતાં રોકડા રૂા. ૧૫,૦૫૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. જયારે અમરેલી તાલુકાના ચાંપાથળ ગામની સીમ વિસ્તારમાં ઘનશ્યામભાઈ જીવરાજભાઈ કસવાલાની વાડીના શેઢા પાસે પાંચ ઈસમો જાહેરમાં તીન પતીનો હારજીતનો જુગાર રમતા રેઈડ દરમ્યાન રોકડ રૂપિયા ૧૦,૩૮૦ ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા.

સાતમાં બનાવમાં સાવરકુંડલા ગામે મફતીયાપરામાં બે ઈસમો જાહેરમાં પૈસાની હારજીતનો જુગાર રમતા રોકડા રૂપિયા ૨૨૧૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા.

## પાના ૮ ઉપરનું ચાલું શેત્રુંજી નદીનાં પુલ ઉપર

સિંહેલટાર મારી હતી. અને આ નદીના સામે કિનારે જવા સિંહે નદીની પાળી ઉપર લટાર મારી હતી.

ત્યારે શેત્રુંજી નદીની બન્ને તરફ વરસાદી પાણી વહેતું હોય ત્યારે વચ્ચે સિંહની અદભુત લટાર મોબાઈલ કેમેરામાં કેદ થઈ જવા પામી છે. અને શેત્રુજી ડિવિઝન તળેના ફીફાદ શેત્રુંજી નદીના પરનો સિંહનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થવા પામેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું મેઘરાજાની કૃપા વરસી

ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી હતી.

રાજુલા પંથકના આજે વાતાવરણમાં પલ્ટો આવતાંની સાથે જ રાજુલા શહેર સહિત રાજુલાના ડુંગર, માંડરડી, ઝાપોદર, આગરીયા સહિતના ગામડાઓમાં વરસાદ પડ્યો હતો. કાગડોળે રાહ જોતા ખેડૂતોમાં વરસાદથી હાશકારો થવા પામેલ છે. અને અસહ્ય ગરમી બાદ વાતાવરણ ઠંડક પ્રસરી જવા પામેલ છે. જાફરાબાદ પંથકના કાસ્ટલ બેલ્ટ ઉપર પણ મેઘરાજાની ધમાકેદાર બેટિંગ સાથે જાફરાબાદ તાલુકાના લોર, પીછડી, ટીમ્બી, ફાચરીયા ગામે ધોધમાર વરસાદ પડ્યો હતો. લોર ગામની ધાતલ નદી અને દલી નદીમાં પૂર આવતાં આ બે નદીઓ વહેતી થઈ જવા પામી હતી. અમરેલી શહેરમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે અમરેલી તાલુકાના ચક્કરગઢ, દેવભૂમિ દેવળીયા સહિત ગામોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. જયારે દેવભૂમિ દેવળીયાની નદીમાં આવ્યું પૂર આવ્યુંહતું. અમરેલી જિલ્લા ફલડ કંટ્રોલ રૂમ ખાતે સાંજે ૬ વાગ્યા સુધીમાં રાજુલામાં ૧૬ મી.મી., કુંકાવાવમાં ૧૦ મી.મી., બાબરામાં ૧૦ મી.મી., ધારીમાં ૧ મી.મી., વરસાદ નોંધાયો હતો.

## પાના ૧ ઉપરનું ચાલું બાબરકોટનાં ખેડૂતોને

લીધા વગર જ સંપાદન એવોર્ડ પસાર કરીને ખેડૂતોની કિંમતી જમીનો ચપાવી પાડેલ છે. તેમ છતાં પણ હાલ આ બંને અલ્ટ્રાટેક સિમેન્ટ લી. કંપની ધ્વારા ખેડૂતોને યોગ્ય વળતર રકમ આપવાનાં બદલે ગુજરાત સરકાર ધ્વારા બહાર પડેલ ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ ૨૦૨૦નો નવો કાયદો કે જે ગેરકાયદેસર દબાણ કે જમીન–મિલ્કત પચાવી પાડનારા લોકોથી સામાન્ય જનતાનાં રક્ષણ માટે ઉપયોગ કરવા માટે બનેલ છે. ત્યારે આવા કાયદાનો કંપની ધ્વારા ગામડાનાં ગરીબ ખેડૂતો સામે હથિયાર તરીકે ઉપયોગ કરવા માંગે છે જે યોગ્ય નથી.

વધુમાં જણાવેલ છે કે, બીજી તરફ ખેડૂતો પાસે ૨૦ થી ૩૦ વર્ષથી સતત કબ્જો ભોગવટો આવેલ છે જેમાં તેઓ ખેતી કામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. જેથી ઍડવર્સ પજેશનનો પણ બાદ નડતો હોય અને દિવાની રાહે પણ કાર્યવાહી કરવાની થતી હોય તેવા સંજોગોમાં અલ્ટ્રાટેક સિમેન્ટ લી. ધ્વારા બાબરકોટ ગામનાં ખેડૂતો સામે કરેલ ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ ૨૦૨૦ની અરજીઓ રદ કરવા હુકમ કરવા જરૂરી છે.

વધુમાં જણાવેલ છે કે, ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ ૨૦૨૦ની અરજીઓ અંગેની રેવન્યુ ઓથોરીટી કે વિભાગને આપનાં તરફથી સોંપવામાં આવતી તપાસ અંગે તેમણે ફકત પ્રાથમિક તપાસ કરીને અહેવાલ સુપ્રરત કરવાનો હોય. તેમ છતાં પણ અરજદાર કંપનીને સારૂ લગાડવા કે તેમને ખૂશ કરવા માટે કંપનીનાં અધિકારીઓ સામે ખેડૂતોને ધમકાવવામાં આવે છે, ડરાવવામાં આવે છે, આ જમીન ખાલી કરાવવા માટે ખોટું દબાણ ઉભું કરવામાં આવી રહ્યું છે. જે ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ ૨૦૨૦ કાયદાથી પણ વિપરીત છે. આથી આ અંગે યોગ્ય તપાસ કરીને બાબરકોટ ગામનાં ખેડૂતોનાં હિતમાં યોગ્ય નિર્ણય કરવા અંતમાં માંગ કરેલ છે.

## વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નો અંગે અમરેલી જિલ્લામાં ધો.–૧૧ અને ધો.–૧૨ની પુરક પરિક્ષા માટે માર્ગદર્શન મેળવી શકાશે

### તજજ્ઞ શિક્ષકો અને આચાર્ય આપશે માર્ગદર્શન

અમરેલી, તા. ૧૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૨૪ જૂન, ૨૦૨૪ થી તા.૦૬ જૂલાઈ, ૨૦૨૪ સુધી ધો. ૧૦ અને ધો.૧૨ ગુજરાત બોર્ડની પૂરક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પૂરક પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને મૂંજવતા પ્રશ્નો અંગે માર્ગદર્શન મળી રહે તેવા આશયથી બોર્ડની સૂચના દ્વારા અમરેલી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા તજજ્ઞ શિક્ષકોની કાઉન્સેલિંગ ટીમની રચના કરવામાં આવી છે. જિલ્લાના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરવામાં આવેલા શિક્ષકોની ટીમ, આ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે. જેમાં સરકારી માધ્યમિક શાળા, શાખપુર લાઠીના શિક્ષક પી.યુ.તેરૈયા ૯૪૨૭૪ ૧૨૪૮૭, સુ.સા.હાઈસ્કુલ વડિયાના શિક્ષક કિરીટભાઈ જોટવા ૯૮૯૮૪ ૬૭૯૯૯, પારેખ અને મહેતા હાઈસ્કુલ જાફરાબાદના શિક્ષક વી.બી. અગ્રાવત ૯૪૨૬૯ ૮૫૭૩૫, જી.એન. દામાણી હાઈસ્કુલ, ધારીના શિક્ષક, પી.ડી. પટાટ ૯૮૨૫૭ ૩૬૫૫૦, જનતા વિદ્યાલય તાતણીયાના શિક્ષક ધર્મેન્દ્રભાઈ કનાળા ૯૯૯૮૩ ૨૦૦૪૫, સરકારી માધ્યમિક શાળા દેવકાના શિક્ષક અનિલભાઈ પરમાર ૭૫૬૭૦ ૩૧૩૩૩નો સંપર્ક કરી શકશે. જયારે એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ માટે સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળા – લીલીયા મોટાના શિક્ષક કમલેશભાઈ ખાંધલા ૯૮૯૮૯ ૨૩૧૨૨, સરકારી કમળશી હાઈસ્કુલ બાબરાના શિક્ષક દીપકભાઈ મકવાણાનો ૯૦૯૯૭ ૦૧૬૬૧ મોબાઈલ નંબર પર સપંર્ક કરી શકાશે. આ ઉપરાંત ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૮૦૦૨૩૩૫૫૦૦ શરૂ કરવામાં આવી છે, જેમાં સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી આગામી તા.૨૧ જૂન, ૨૦૨૪ થી તા.૪ જૂલાઈ, ૨૦૨૪ સુધી સંપર્ક કરી શકાશે, તેમ અમરેલી જિલ્લા શિક્ષણાધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં ૧૮ પીએસઆઈની

સ્ટેશનમાં ફરજ બજાવતા પી.ડી. ગોહિલને વંડા પોલીસ સ્ટેશન ખાતે, રીડર શાખામાં ફરજ બજાવતા પી.જી. રામાણીને ચલાલા પોલીસ સ્ટેશન ખાતે, એલ.આઈ.બી. અમરેલીમાં ફરજ બજાવતા પી.એ. જાડેજાને દામનગર પોલીસ સ્ટેશનખાતે, કંટ્રોલ રૂમ, અમરેલી ખાતે ફરજ બજાવતા કે. એલ. ગળચરને વડિયા પોલીસ સ્ટેશન ખાતે, વડિયા પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા એ.એન. ગાંગણાને સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનખાતે, જયારે દામનગર પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા બી.પી.પરમારને સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનખાતે, અને આર.આર.ગળચરને રીડર પીએસઆઈ સાવરકુંડલા ડીવીઝન ખાતે, કે.એમ. મોરીને એસ.ઓ.જી. અમરેલી ખાતે, કે.ડી. હડિયાને રાજુલા પોલીસ સ્ટેશન ખાતે, આર.એચ.રતન તથા સુ.પી.જી.ચોચાને ને જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન ખાતે, કે. એસ. ડાંગરને અમરેલી સીટી પોલીસ સ્ટેશન ખાતે, એલ.કે. સોઢાતરને વાંકિયા આઉટ પોસ્ટ ખાતે, કે.જી. મયાને બગસરા પોલીસ સ્ટેશન ખાતે, ડી.બી. મજીઠીયાને રીડર શાખા, અમરેલી ખાતે, જી.એમ. જાડેજાને સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન ખાતેતથા સુ. બી.કે. ભટ્ટને એલ.આઈ.બી., અમરેલી (એટેચ. પ્રોસીક્યુશન સેલ) ખાતે બદલી કરવામાં આવેલ છે.

# ઉનાના નવા બંદર ગામને પોલીસે તીસરી આંખ એવા સીસીટીવીથી સુસજજ બનાવ્યું



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

નવાબંદર ગામના દરિયાઈ જેટી શાક માર્કેટ બસ સ્ટેશન સહિત અલગ અલગ વિસ્તારોમાં ૧૪ જેટલાં સીસીટીવી કેમેરા થી સુસજજ બનાવવામાં આવ્યું હતુ જેના ઉદઘાટનમાં ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા, મુતા એમ.એફ. ચૌધરી, ઉના પી.આઈ. એન.એમ રાણા, નવાબંદર પીએસઆઈ પી.જે. બાંટવા, ઉના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, અંબુજા સિમેન્ટ કંપનીના મેનેજર, નવાબંદર જેટીના અધિકારીઓ અને શાપુરજી પાલોનજી કંપનીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાએ આ સીસીટીવી કેમેરાના મોનીટરીંગ રૂમને રીબીન કાપી ખુલ્લો મૂક્યો હતો નવા બંદર ગામ દરિયા કિનારાનું હોવાથી આ વિસ્તારમાં જિલ્લા અને રાજયમાંથી અનેક માછીમારો માછીમારી કરવા માટે આવે છે આ નવા બંદર ગામ સાથે અનેક શહેરોનો વ્યવહાર રહેલો છે અહીં દિવસ દરમિયાન દરિયાઈ કાંઠા વિસ્તાર અને ગામમાં મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહે છે જેનો લાભ ઉઠાવી ગુનેગારો ગુનાહિત પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે જેને રોકવા અને ગુનેગારોને સહેલાઈથી પકડવા માટે નવાબંદર મરીન પોલીસ દ્વારા ૧૪ જેટલા સ્થળોએ સીસીટીવી કેમેરાઓ લગાવવામાં આવ્યા છે. જેના કારણે ગુનાહિત પ્રવૃત્તિ પર નિયંત્રણ લાવી શકાય જેમાં નવાબંદર ગામના સંવેદન શીલ વિસ્તાર અને નવા બંદર ને બજારો ને પોલીસ દ્વારા સીસીટીવી કેમેરાથી સુસજજ કરવામાં આવી હતી ગામમાં અવાર નવાર બનતા ચોરી, ચીલ ઝડપ, મારામારી જેવા ગુનાઓ બનતા રહે છે જે ગુનામાં ગુનેગારોને પકડવા માટે ૧૪ જેટલા સ્થળો પર કેમેરા લગાવી ગામને સુરક્ષિત બનાવવામાં આવ્યું છે જે કેમેરાનો મોનિટરિંગ રૂમ નવાબંદર પીએસઆઈ ની ચેમ્બર રહેશે કેમેરા લગાવવાથી ગ્રામજનોની સલામતી વધી છે સાથે ગામમાં ચીલ ઝડપ ચોરીઓ અને મારા મારીના ગુનાઓ અટકશે અને ગુનાના ઉકેલ માટે આ સીસીટીવી કેમેરા મદદરૂપ સાબિત થશે.

## શાળાનું નવુ સત્ર શરૂ થયું અને સરકાર શિક્ષકની ભરતી કરતી નથી

# ટેટ અને ટાટની પરીક્ષા પાસ કરેલને શિક્ષકની સરકારી નોકરી મળતી નથી

**આગામી દિવસોમાં શાળા પ્રવેશોત્સવનાં તાયફાઓ કરાશે પણ શિક્ષણ માટેની માળખાકિય સુવિધા ઉભી નહી થાય**

**શિક્ષણ જેવા સેવાકીય અને અત્યંત જરૂરી કાર્યમાં ખાનગીકરણનાં પ્રવેશ અતિ જોખમી બની રહ્યાં છે**

**કરોડો ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોનાં બાળકો તગડી ફી ખાનગી શાળાની ચુકવી નહી શકે**

**શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રમાં સરકારે ગંભીરતાથી અને વિના મૂલ્યે સેવા કરવી જરૂરી બની**

અમરેલી, તા.૧૮

ગુજરાતમાં સરકારી સ્કુલમાં કવોલિફાઈ શિક્ષકની ભરતી છેલ્લા કેટલાંય સમયથી અધ્ધરતાલ છે. જેને લઈ અમરેલી જિલ્લા સહિત ગુજરાતમાં બાળકોને ભણાવવા માટે વાલીઓનએ પોતાને પરવડે તેમના હોવા છતાં પણ ખાનગી શાળામાં ઉંચી ફી ભરીને પોતાના બાળકોને ભણાવવા પડે છે. ત્યારે ખુશામતિયા રાજકારણીના મતે સંવેદનશીલ ગણાતી રાજય સરકાર કવોલિફાઈ શિક્ષક ભરવામાં આંખ આડા કાન કરી બાળકો તથા તેમના વાલીઓનું આર્થિક શોષણ કરે છે. આગામી દિવસોમાં રાજય સરકાર શાળા અમરેલી જિલ્લા સંહિત રાજયભરમાં પ્રવેશોત્સવનું સતત ત્રણ દિવસ નાટક કરશે અને લાખો બાળકોને શાળામાં પ્રવેશ આપી રાજયમાં શિક્ષકોના અભાવે કથળી ગયેલાં શિક્ષણ ઉપર સરકાર પોતાની જ વાહવાહી કરશે.

ગુજરાતમાં એક વર્ષ પહેલાં સરકાર દ્વારા કવોલિફાય શિક્ષકોની ભરતી કરવા માટે થઈ શિક્ષક બનાવા માટેના ઉમેદવારોની ટેટ તથા ટાટની નિયમ મુજબની પરીક્ષાનું આયોજન કર્યું હતું. અને જેમાં અમરેલી જિલ્લા સહિત લાખોની સંખ્યામાં બેરોજગાર શિક્ષકોએ ટેટ તથા ટાટની પરીક્ષા આપી હતી. ત્યારે રાજય સરકારે ગુજરાતના વાલીઓને આશ્વાસન આપેલ કે રાજયમાં ઉચ્ચ ગુણવતાયુક્ત શિક્ષકોની ભરતી કરી બાળકોને વિના મુલ્યે સરકારી સ્કુલમાં શિક્ષણ મળશે.

પરંતુ આ વાતને એક વર્ષનો સમયગાળો પુર્ણ થવા છતાં અને ટેટ તથા ટાટની પરીક્ષા પાસ કરી શિક્ષક બનવા માટે લાંબા સમયથી રાહ જોતાં ભાવી શિક્ષકોની ગાંધીનગરમાં રાજયના મુખ્યમંત્રી અને શિક્ષણ મંત્રીને અનેક રજૂઆત અને આંદોલન પછી પણ બેરોજગારોની વાત માત્ર કહેવાતી સંવેદનશીલ સરકારના ધ્યાને આવતી નથી તે પણ એક હકીકત છે. લોકસભાની ચૂંટણીઓ પુરી થઈ આચાર સંહિતાપણ હટી ગઈ છે. સામાન્ય રીતે શાળાના નવા સત્રની શરૂઆતમાં દરેક સ્કૂલોમાં નિવૃત્ત થયેલા અને અન્ય રીતે ખાલી પડેલી જગ્યાઓ ઉપર નવા કવોલિફાય શિક્ષકોની ભરતી કરવા માટેની કામગીરી થતી આવે છે. પરંતુ આ વખતે સરકાર દ્વારા કોઈ જાહેરાત નહિ કરતાં અને ફરી એક વખત રાજય સરકાર ખાનગી સ્કૂલોને પ્રોત્સાહિત કરવા માટે થઈ સરકારી સ્કુલમાં કવોલિફાય શિક્ષકોની ભરતી કરવા માટેની કોઈ કામગીરી નહિ કરતાં આજથી ટેટ તથા ટાટની પરીક્ષા આપી શિક્ષક બનાવ છેલ્લા એક વર્ષથી રાહ જોતો ઉમેદવારો ગાંધીનગરમાં રજૂઆત કરવા પહોંચી ગયા છે.

ટેટ તથા ટાટની પરીક્ષા આપી શિક્ષક બનવા રાહ જોતાં કેટલાંક ઉમેદવારોની વય મર્યાદા પણ પુરી થવામાં હોય, ત્યારે આવા ભાવી શિક્ષકોનું જ ભાવી અંધકારમય બન્યું છે. ત્યારે અમરેલી જિલ્લામાંથી કેટલાંક લોકો ભાવી શિક્ષકો પણ ગાંધીનગર પહોંચ્યા છે.

---

### ઇદ તહેવાર પર જૈન સમુદાયની શ્રેષ્ઠ કામગીરી

# જૈન સમુદાયના પ્રયાસથી ૧૨૪ બકરાઓને જીવનદાન મળ્યું

**શાકાહાર અને તોડફોડ વચ્ચેના યુદ્ધ વચ્ચે જૂની દિલ્હીમાં જૈન સમુદાય ચર્ચાનો વિષય બન્યો**

ધરમપુર,તા.૧૮

ઈદ તહેવાર પર જૈન સમુદાયે ઉમદા કામ કર્યું. જૈન સમુદાયના પ્રયાસથી ૧૨૪ બકરાઓને જીવતદાન મળ્યું. જામા મસ્જિદથી લગભગ ૫૦૦ મીટર દૂર ચાંદની ચોકમાં મંદિરના પ્રાંગણમાં સેંકડો બકરાઓએ વિવેક જૈનને ઘેરી લીધો હતો. વ્યવસાયે CA, તેણે ઈદ-ઉલ-અઝહાના અવસર પર ૧૨૪ બકરાઓને કતલ થતા બચાવવા માટે લગભગ ૧૫ લાખ રૂપિયા ભેગા કર્યા હતા. તે બધાને શાંત કરવા માટે સ્પીકર પર મંત્ર જાપ કરી રહ્યો હતો. આ જૈન મંત્ર હતો. આ બધા બકરા ડરી ગયા અને તેમને એવું લાગતું હતું કે તેઓ બલિદાન માટે ભેગા થયા છે. તેઓ જાણતા નથી કે અમે તેમને નવું જીવન આપ્યું છે.

ઈદ પૂર્વે ધરમપુર વિસ્તારમાં આવેલ નૂતન જૈન મંદિર બકરી બજારોની જેમ ધમધમતું હતું. જો કે, અહીંના લોકોમાં બકરાઓને કસાઈની છાંટથી બચાવવાનો ઉત્સાહ જોવા મળ્યો હતો. બકરાની એક ઝલક મેળવવા માટે લોકો મંદિરમાં એકઠા થઈ રહ્યા હતા. કેટલાકે તેમના ચારા માટે પૈસા આપ્યા તો કેટલાકે તેમને પ્રેમથી લાડ લડાવ્યા.દર વર્ષે મુસ્લિમ તહેવારો દરમિયાન શાકાહાર અને તોડફોડ વચ્ચેના યુદ્ધ વચ્ચે જૂની દિલ્હીમાં જૈન સમુદાય ચર્ચાનો વિષય બન્યો હતો. સોશિયલ મીડિયા પર પણ ખૂબ ટ્રેન્ડિંગ હતી. જૂની દિલ્હીની ગલીઓમાં છુપાયેલા આ મંદિરને હિન્દુ હોય, મુસ્લિમ હોય કે શીખ, દરેક જાણે છે. આ બકરાઓને બચાવવા લાખો રૂપિયાનો ખર્ચ કર્યો હતો. બકરીને જોવા લોકોને આંગણામાં લઈ જઈને જૈને કહ્યું કે અમને પોતાના પર ખૂબ ગર્વ છે. આ બધું શક્ય બન્યું છે કારણ કે અમને સમગ્ર દેશમાં અમારા સમુદાય તરફથી ઘણો ટેકો મળ્યો છે. આપણો ધર્મ આપણને આવું કરવાનું શીખવે છે.

ચિરાગ જૈને યાદ કર્યું કે આ બધું તેમના ગુરુ સંજીવના ફોન કૉલથી શરૂ થયું હતું. સંજીવ ઈદ પર બકરાની હત્યાથી ખૂબ નારાજ હતો. ચિરાગે કહ્યું કે તે આ વિશે કંઈક કરવા માંગે છે અને તે જ ક્ષણે નક્કી કર્યું કે આપણે બધી બકરીઓને બચાવી શકીએ નહીં પરંતુ આપણે બને તેટલા બચાવવાનો પ્રયાસ કરવો જોઈએ. આ પછી એક આયોજન કરવામાં આવ્યું હતું. ૧૫ જૂનની સાંજે જૈન સમાજના ૨૫ લોકોની ટીમ બનાવવામાં આવી હતી. પૈસા માટે વોટ્સએપ પર મેસેજ મોકલ્યો. આ પછી એક ટીમ એ જગ્યાએ ગઈ જ્યાં બકરા વેચાઈ રહ્યા હતા. ચિરાગે કહ્યું કે આપણે મુસ્લિમ સમુદાયના લોકો હોવાનો ઢોંગ કરવો જોઈએ અને તેમના બકરાના દર પૂછવા જોઈએ. એટલું જ નહીં, અમે બકરી બજારોની પણ મુલાકાત લીધી.

---

### પશ્ચિમ બંગાળ રેલ દુર્ઘટના પર કોંગ્રેસની માંગ

# વૈષ્ણવે રેલ્વે મંત્રી પદ પરથી રાજીનામું આપવું જોઈએ

**કોંગ્રેસના સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મના અધ્યક્ષ સુપ્રિયા શ્રીનેટે રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવને અકસ્માત માટે જવાબદાર ઠેરવ્યા**

નવી દિલ્હી,તા.૧૮

નવી દિલ્હીમાં કોંગ્રેસના મુખ્યાલયમાં પત્રકાર પરિષદને સંબોધિત કરતી વખતે, સુપ્રિયા શ્રીનેતે કહ્યું, દેશના લગભગ દરેક વ્યક્તિનું રેલવે સાથે જોડાણ છે. રેલ્વે એ ભારતની જીવાદોરી છે. તે પરિવહનનું સસ્તું માધ્યમ હતું અને લોકોને વિશ્વાસ હતો કે તેઓ તેમના ગંતવ્ય પર પહોંચી જશે. પરંતુ આજે મુસાફરોના મનમાં શંકા છે કે તેઓ કે તેમનું શરીર તેમના મુકામ સુધી પહોંચશે કે કેમ. આ રેકોર્ડ નરેન્દ્ર મોદી અને તેમની સરકાર દ્વારા સ્થાપિત કરવામાં આવ્યો છે.સુપ્રિયા શ્રીનેતે યાદ અપાવ્યું કે બરાબર એક વર્ષ પહેલા, જૂન ૨૦૨૩ માં, બાલાસોર ટ્રેન દુર્ઘટનામાં ૨૯૬ લોકો મૃત્યુ પામ્યા હતા અને ૯૦૦ થી વધુ ગંભીર રીતે ઘાયલ થયા હતા. હવે પશ્ચિમ બંગાળમાં ફરી એક ટ્રેન દુર્ઘટના થઈ છે, જેમાં ૧૫ લોકોના મોત થયા છે અને લગભગ ૪૦ લોકો ઘાયલ થયા છે. છેલ્લા દસ વર્ષમાં ૧,૧૧૭ રેલ્વે અકસ્માતો થયા છે જેમાં જાનમાલનું નુકસાન થયું છે. એટલે કે દર મહિને ૧૧ અકસ્માતો થયા. દર ત્રણ દિવસે એક અકસ્માત થતો હતો. શ્રીનેતે કહ્યું, રેલ્વે મંત્રી થોડા સમય પહેલા આર્મર સિસ્ટમના ફાયદા સમજાવી રહ્યા હતા. ગઈકાલના અકસ્માતમાં બખ્તર ક્યાં ગયું? દસ વર્ષમાં રેલવે પરિવહનનું સૌથી અસુરક્ષિત માધ્યમ બની ગયું છે, તેનું કારણ એ છે કે નરેન્દ્ર મોદી અને તેમના મંત્રીઓને તેની પરવા નથી.શ્રીનેતે કહ્યું કે, રેલવેમાં ૩.૧૨ લાખથી વધુ પોસ્ટ ખાલી છે. લોકો પાયલટની લગભગ ૨૦.૫ ટકા અને આસિસ્ટન્ટ લોકો પાયલટની ૭.૫ ટકા જગ્યાઓ ખાલી છે. લોકો પાયલોટ પર કામનું દબાણ છે, જે ભૂલો તરફ દોરી જાય છે. ટ્રેનોની એટલી અછત છે કે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં વેઈટિંગ લિસ્ટમાં હોવાને કારણે ૨ કરોડ સિત્તેર લાખ મુસાફરો મુસાફરી કરી શક્યા નથી.

શ્રીનેતે કહ્યું, ત્રણ-ચાર દિવસ પહેલા રેલ્વે મંત્રીએ કહ્યું હતું કે જે લોકો બિનઅનામત રીતે પ્રવેશ કરે છે તેમની સામે પોલીસ દળનો ઉપયોગ કરવો જોઈએ. મંત્રીજી, આરક્ષિત કમ્પાર્ટમેન્ટમાં પ્રવેશતા આ બિનઅનામત લોકો પોતાની મરજીથી શૌચાલયમાં બેસીને મુસાફરી કરતા નથી. સરકારે સ્લીપર અને સેકન્ડ ક્લાસ કોચને એસી કોચમાં રૂપાંતરિત કર્યા છે. લોકો પાસે છઝમાં ચાલવા માટે પૂરતા પૈસા નથી. આ સાથે પેસેન્જર ટ્રેનોની સંખ્યામાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. લોકો પર બળનો ઉપયોગ ન કરો, તમારી ભૂલ સુધારો.તેમણે કહ્યું કે, રેલવેમાં અવમૂલ્યન અનામત ભંડોળ છે. જેમાં રેલવેની જૂની મિલકતોના નવીનીકરણની જોગવાઈ છે. વાસ્તવિકતા એ છે કે જ્યાં ૫૮,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચવાના હતા ત્યાં માત્ર ૬૦૦ કરોડ રૂપિયા જ ખર્ચાયા. પરિવહનનું સૌથી ભરોસાપાત્ર માધ્યમ ગણાતી રેલવે આજે સતત મોડી દોડી રહી છે. અશ્વિની વૈષ્ણવના નાક નીચે રેલ્વે અસુરક્ષિત બની રહી છે.શ્રીનેતે કહ્યું કે, ગયા વર્ષે બાલાસોર અકસ્માતથી લઈને આ વખતે પશ્ચિમ બંગાળમાં થયેલા અકસ્માત સુધી રેલ્વે મંત્રીએ રીલ બનાવવાને બદલે શું કામ કર્યું છે. અશ્વિની વૈષ્ણવ જેવી વ્યક્તિ પોતાના પદ પર ચાલુ રહે તે યોગ્ય નથી. વાસ્તવિકતા એ છે કે જે મંત્રીને તેમના પદ પરથી તાત્કાલિક દૂર કરવા જોઈતા હતા તેમને પ્રમોશન આપવામાં આવી રહ્યું છે.

---

# રણમાં ખોવાઈ ગયું યુગલ, બેભાન ગર્લફ્રેન્ડ માટે યુવક છાંયડો બનીને સૂઈ ગયો

**ટ્રેકિંગ માટે નીકળેલા કપલનું પાણી રણની વચ્ચે વહી ગયું, જેના કારણે છોકરી બેભાન થઈ ગઈ અને છોકરાએ બચાવ માટે પોલીસની મદદ માંગી**

નવી દિલ્હી, તા.૧૮

કેલિફોર્નિયાના રણમાં તરસના કારણે બેભાન પડેલા દંપતીને પોલીસે બચાવી લીધું છે. સધર્ન કેલિફોર્નિયાના જોશુઆ ટ્રી નેશનલ પાર્કના રણમાં ટ્રેકિંગ માટે ગયેલા કપલની આવી જ કેટલીક તસવીરો સામે આવી છે જેમાં એક વ્યકિત તેની ગર્લફ્રેન્ડને તડકાથી બચાવવાના પ્રયાસમાં તેની ગર્લફ્રેન્ડ પર શેડ તરીકે સૂતો જોવા મળ્યો હતો.અમેરિકન ન્યૂઝ ચેનલ ફોક્સ ન્યૂઝના અહેવાલ અનુસાર, તે વ્યકિત તેની ગર્લફ્રેન્ડને બચાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો જે તરસના કારણે બેભાન પડી હતી. બંને વહન કરી રહેલા પાણીનો જથ્થો અધવચ્ચે જ વહી ગયો હતો જેના કારણે બાળકી બેભાન થઈ ગઈ હતી.રિવરસાઇડ કાઉન્ટી શેરિફ ઓફિસ, જેણે દંપતીને બચાવ્યો, તેણે કહ્યું કે વ્યક્તિએ ૯૧૧ પર ફોન કર્યો અને પોલીસને કહ્યું કે તેની ગર્લફ્રેન્ડ ખૂબ જ નબળી પડી ગઈ છે અને ડિહાઈડ્રેશનથી પીડાઈ રહી છે. આ પછી અધિકારીઓએ હેલિકોપ્ટર મોકલ્યું જેથી કપલને રણમાંથી પરત લાવી શકાય. અધિકારીઓએ જણાવ્યું કે જ્યારે બચાવકર્મીઓ દંપતી પાસે પહોંચ્યા ત્યારે બંને સૂકી જગ્યાએ પડેલા હતા.રિવરસાઇડ કાઉન્ટી શેરિફ ઓફિસના એવિએશન યુનિટ દ્વારા ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો પણ શેર કરવામાં આવ્યો છે, જેમાં જોઈ શકાય છે કે હેલિકોપ્ટર જમીન પર પડેલા કપલ તરફ આગળ વધી રહ્યું છે. વીડિયોમાં બતાવવામાં આવ્યું છે કે તે વ્યક્તિ તેની ગર્લફ્રેન્ડને તડકાથી બચાવવા માટે તેની પાસે સૂઈ રહ્યો છે. આ બચાવ ૯ જૂને કરવામાં આવ્યો હતો.બચાવકર્મીઓએ પહેલા માણસને અને પછી તેની બેભાન ગર્લફ્રેન્ડને બચાવ્યો. વિભાગે જણાવ્યું હતું કે બાળકીની હાલત ખૂબ જ ખરાબ હતી, તેથી તબીબી સુવિધાઓ સાથેનું બીજું હેલિકોપ્ટર બચાવ સ્થળ પર લાવવામાં આવ્યું હતું જેથી તેને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવે. દરમિયાન, વ્યક્તિને એમ્બ્યુલન્સ દ્વારા નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.પાયલટ એન્ડી રાસમુસેને કહ્યું, 'લોકો પૂરતું પાણી પેક કરતા નથી. તેઓ પોતાની સાથે જરૂરી વસ્તુઓ લેતા નથી. લોકો ૫-૬ માઈલ ટ્રેક કરે છે અને પછી પાછા ફરી શકતા નથી.તેણે વધુમાં કહ્યું કે, 'ગરમી ઘણી વધી ગઈ છે. હવેથી ઉનાળામાં પણ એવું જ થવાનું છે. જો તમે ટ્રેકિંગ માટે બહાર છો અને તમને તરસ લાગે છે, તો તમને જલ્દી થાક લાગે છે અને શક્ય છે કે આગામી ૧૦ મિનિટમાં તમારી સ્થિતિ વધુ ખરાબ થઈ શકે. ,કેલિફોર્નિયાનો દક્ષિણ રણ ભાગ એ પ્રદેશનો સૌથી ગરમ ભાગ છે. નેશનલ વેધર સર્વિસ અનુસાર, ૯ જૂને રણમાં તાપમાન ૩૭.૮ થી ૪૦.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

---

### અકબરનગર I અને II ને મેદાનમાં ફેરવી દેવામાં આવ્યું

# અકબરનગરના ડિમોલિશન તાત્કાલિક બંધ કરવાની માંગ

**આઠમા દિવસે પણ ડિમોલિશનનું કામ ચાલુ છે. છેલ્લા સાત દિવસમાં અકબરનગર I અને II ને મેદાનમાં ફેરવી દેવામાં આવ્યું છે**

લખનૌ,તા.૧૮

રાજધાની લખનૌમાં કુકરેલ નદીના કિનારે ગેરકાયદેસર રીતે વસેલા અકબરનગરમાં આઠમા દિવસે પણ ડિમોલિશનનું કામ ચાલુ છે. છેલ્લા સાત દિવસમાં અકબરનગર I અને II ને મેદાનમાં ફેરવી દેવામાં આવ્યું છે. મંગળવારે મંદિરો અને મસ્જિદોને તોડવાની કામગીરી કરવામાં આવી રહી છે. વહીવટીતંત્રે છેલ્લા ધાર્મિક સ્થળોને તોડી પાડવાનો નિર્ણય લીધો હતો. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધીમાં ૧૮૦૦ જેટલા ગેરકાયદેસર મકાનો તોડી પાડવામાં આવ્યા છે. અકબરનગરના રહેવાસીઓને એલડીએ દ્વારા પુનર્વસન માટે ફ્લેટ આપવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૧૨૦૦ લોકોને તેમના ફ્લેટમાં શિફ્ટ કરવામાં આવ્યા છે. જો કે લોકોનો રોષ પણ જોવા મળી રહ્યો છે.

અકબરનગરમાં લોકસભાની ચૂંટણી પૂરી થઈ ત્યારથી લખનૌ ડેવલપમેન્ટ ઓથોરિટીની બુલડોઝર કાર્યવાહી ચાલી રહી છે. અત્યાર સુધી અકબર નગરમાં ૨૭ બુલડોઝર અને ૧૫ પોકલેન્ડ મશીન વડે અતિક્રમણ હટાવવામાં આવી રહ્યું છે. આ માટે મોટી સંખ્યામાં પોલીસ ફોર્સ પણ તૈનાત કરવામાં આવી છે. વાસ્તવમાં યોગી સરકાર કુકરેલ નદીના કિનારે રિવર ફ્રન્ટ બનાવીને ઈકો-ટૂરિઝમને પ્રોત્સાહન આપવા માંગે છે. આ માટે અકબરનગરમાં ગેરકાયદે રીતે બનાવેલા મોલ, શોરૂમ, વેરહાઉસ અને રહેણાંક મકાનો તોડી પાડવામાં આવી રહ્યા છે.એવું નથી કે અકબરનગરના લોકોએ પોતાનું ઘર બચાવવા માટે કાનૂની લડાઈ નથી લડી. બુલડોઝરની કાર્યવાહી રોકવા માટે તેઓ હાઈકોર્ટથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી ગયા, પરંતુ ક્યાંયથી કોઈ રાહત મળી નહીં. લખનૌ ડેવલપમેન્ટ ઓથોરિટીની આ કાર્યવાહી સુપ્રીમ કોર્ટના આદેશ પર ચાલી રહી છે.ડિમોલિશન અભિયાન વચ્ચે રાજકારણીઓ યોગી સરકાર પર ચોક્કસ સમુદાયને નિશાન બનાવવાનો આરોપ લગાવી રહ્યા છે. AIMIM ચીફ અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું કે યોગી સરકાર ચૂંટણી પૂરી થતા જ મુસ્લિમો પાસેથી બદલો લઈ રહી છે.

જોકે, ઓથોરિટીનું કહેવું છે કે કોઈના ધર્મને ધ્યાનમાં લઈને કાર્યવાહી કરવામાં આવી રહી નથી. આમાં હિંદુ હોય કે મુસ્લિમ દરેકની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. તમને જણાવી દઈએ કે અકબરનગરમાં ૧૫ હજાર લોકો રહેતા હતા, જેમાંથી મોટાભાગના મુસ્લિમ હોવાનું કહેવાય છે.

---

### ૨૧મી જૂને ૧૦મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

# બનાસકાંઠાના નડાબેટ ખાતે થશે રાજયકક્ષાની ઉજવણી

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીને આખરી ઓપ અપાયો**

બનાસકાંઠા,તા.૧૮

દેશભરમાં ૨૧મી જૂને ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. ત્યારે આ વખતે રાજયકક્ષાની ઉજવણી બનાસકાંઠાના સરહદી ગામ નડાબેટમાં કરવામાં આવશે. ભારત-પાકિસ્તાન સરહદને અડીને આવેલા નડાબેટમાં યોગ અને રાષ્ટ્રભક્તિના સંયોજનથી રાજ્ય સરકાર અને BSFના સહ આયોજનમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીને આખરી ઓપ અપાયો છે. આ બેઠકમાં રમત-ગમત રાજ્ય મંત્રી હર્ષ સંઘવી, યોગ બોર્ડના અધ્યક્ષ સહિત વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. 'સ્વયં અને સમાજ માટે યોગ' ની થીમ પર રાજ્યભરમાં ૩૧૨ મુખ્ય સ્થળોએ યોગ દિવસ ઉજવણી કરવામાં આવશે.ગ્રામ પંચાયતથી લઈને મહાનગરપાલિકા સુધી શાળાઓ, કોલેજ, આઈ.ટી.આઈ, જેલ, આરોગ્ય, પોલીસ સહિતના વિભાગોમાં યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યકક્ષાના આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સાથે વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી અને રમતગમત રાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ જોડાશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ૨૦૧૪માં યુનાઈટેડ નેશન્સ દ્વારા ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર કરવામાં આવ્યો છે અને ૨૦૧૫ થી આ દિવસ વિશ્વના દેશોમાં ઉજવાય છે. દર વર્ષે ૨૧મી જૂને વ્યાપક લોક ભાગીદારીથી વિવિધ વિષયવસ્તુ સાથે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવે છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં અંદાજે સવા કરોડ લોકોની સહભાગીતાથી આ યોગ દિવસને ભવ્ય સફળતા અપાવવાના આયોજનની સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીએ અગાઉના વર્ષોમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસના રાજ્યમાં મળેલી ભવ્ય સફળતા અને ગુજરાતે સ્થાપેલા નવા વર્લ્ડ રેકોર્ડ્સની જેમ જ આગામી યોગ દિવસમાં પણ નવા કીર્તિમાન સ્થાપવામાં ગુજરાત અગ્રેસર રહેશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

---

### રાજ્યના મહત્તમ બાળકોને લાભ લેવા અનુરોધ કર્યો

# રાજ્યના અંદાજીત ૨૩ લાખ બાળકોનું રસીકરણ હાથ ધરાશે

**આ વેક્સિન ધનૂર અને ડિપ્થેરીયા સહિતના ૧૧ પ્રકારના ઘાતક રોગો સામે પ્રતિરોધક છે**

ગાંધીનગર,તા.૧૮

આજે ગાંધીનગર ખાતેથી TD (ટિટેનસ અને ડિપ્થેરીયા) અને DPT (ત્રિગુણી) રસીકરણ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. જુન-જુલાઈ-ઓગષ્ટ મહિના દરમિયાન રાજ્યના અંદાજીત ૨૩ લાખ બાળકોનું રસીકરણ હાથ ધરાશે. આ વેક્સિન ધનૂર અને ડિપ્થેરીયા સહિતના ૧૧ પ્રકારના ઘાતક રોગો સામે પ્રતિરોધક છે. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે કહ્યું નિઃશુલ્ક રસીકરણ અભિયાનનો મહત્તમ લાભ લઈએ

રસીકરણનો પ્રારંભ કરાવતા તેમણે ધનૂર અને ડિપ્થેરીયા ઉપરાંત ઝેરી કમળો, બાળ ટી.બી., પોલીયો, ઓરી, રૂબેલા, ન્યુમોનિયા અને મગજના તાવ જેવા ઘાતક રોગો સામે પ્રતિરોધક આ રસીનો રાજ્યના મહત્તમ બાળકોને લાભ લેવા અનુરોધ કર્યો હતો. વધુ વિગતો આપતા તેમણે કહ્યું કે, આ વર્ષે જુન – જુલાઈ અને ઓગષ્ટ મહિના દરમિયાન રાજ્યના અંદાજીત ૨૩ લાખ બાળકોને ઉક્ત રસીકરણ અભિયાન અંતર્ગત રોગ પ્રતિરોધક રસી આપવામાં આવશે. રાજ્યની તમામ સરકારી અને ખાનગી શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૫ અને ધોરણ ૧૦ના તમામ બાળકોને TD (ધનૂર અને ડિપ્થેરીયા) રોગ પ્રતિરોધક રસી અપાશે.બાળવાટિકાઓમાં ૫ વર્ષ પૂર્ણ થયેલ તમામ બાળકોનું ડીપીટી બુસ્ટરના બીજા ડોઝથી રસીકરણ કરીને ત્રણ રોગો સામે રક્ષણ પુરૂ પાડવામાં આવશે. આ રસીકરણ અભિયાન અંતર્ગત રાજ્યમાં ૯૯૨ RBSK ટીમ દ્વારા રાજ્યની ૪૯,૧૮૩ શાળાઓમાં અભ્યાસ કરતા અંદાજીત ૨૩ લાખ બાળકોનું ૧૪,૭૮૩ ટીમ દ્વારા શાળાઓમાં રસીકરણ સેશન યોજીને રસી આપવામાં આવશે. તદ્ઉપરાંત અંદાજીત ૩૬,૬૨૮ બાળવાટીકાઓના ૬,૧૩,૨૭૩ બાળકોનું કુલ ૨૯,૬૫૭ સેશન યોજીને ડી.પી.ટી. બુસ્ટરના બીજા ડોઝ આપવામાં આવશે. જો કોઈ બાળક આ સેશનમાં લાભાન્વિત થવાથી રહી જાય તો મમતા દિવસના સેશનમાં તેમને લાભ આપવામાં આવશે. ગત વર્ષે રાજ્યમાં નિયત વયજૂથના કુલ ૨૩.૬૧ લાખ તરૂણોનુ સફળ રસીકરણ કરવામાં આવ્યું છે

---

### SMCની પ્રોહિબિશન શાખાએ દરોડો પાડ્યો

# તાપીમાં SMCની રેડ, ત્રણની ધરપકડ,છ ફરાર થયા

**પોહિબિશન એક્ટની કલમ ૬૫(છ)(ઈ), ૮૧, ૮૩,૧૧૬(b)૯૮(૨) હેઠળ ધરપકડ કરવામાં આવી હતી**

તાપી,તા.૧૮

તાપી જિલ્લાના ગોરીયાફળિયા ખાતે રમેશ ગામીતના મકાન અને જમીન પર SMCની પ્રોહિબિશન શાખાએ દરોડો પાડ્યો હતો. કાકરાપાર પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં SMCની પ્રોહિબિશન શાખાએ દરોડો પાડી કુલ ૧.૬૪ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ કેસમાં પોલીસે ત્રણ ગુનેગારો પ્રતાપસિંહ મોતીસિંહ રાજપૂત, ટીકુસિંઘ ઉર્ફે અભિષેક નિતેશવારસિંઘ રાજપૂત અને ગણેશ કૃષ્ણાસિંહ રાઠોડની ધરપકડ કરી હતી. તેઓની પોહિબિશન એક્ટની કલમ ૬૫(A) (E), ૮૧, ૮૩,૧૧૬ (b)૯૮(૨) હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. તેમની પાસેથી દોઢ લાખ રૂપિયાનો દેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો. આ કેસમાં વોન્ટેડ બીજા છ આરોપીઓમાં જયેશ શંકર રાઠોડ, દીપેશ શંકર રાઠોડ, શાહરૂખ મકસૂદ ખત્રી, લકી દીપકભાઈ ચૌધરી, એમ.એસ. વાઇન શોપના માલિક અને રમેશ છગનભાઈ ગામિત છે.

---

### મેડિકલ સર્વિસીસમાં આ પ્રકારની પ્રથમ સુવિધા છે

# આર્મીની રિસર્ચ એન્ડ રેફરલ હોસ્પિટલ એ અત્યાધુનિક સ્કિન બેંક સુવિધા શરૂ કરી

**પહેલનો ઉદ્દેશ્ય ગંભીર શરીર દાઝવા અને ત્વચા સંબંધિત અન્ય બિમારીઓથી પીડિત લશ્કરી કર્મચારીઓ અને તેમના પરિવારોની સારવારમાં ક્રાંતિ લાવવાનો છે**

અમદાવાદ,તા.૧૮

આર્મીની રિસર્ચ એન્ડ રેફરલ હોસ્પિટલ એ અત્યાધુનિક સ્કિન બેંક સુવિધા શરૂ કરી છે. આર્મ્ડ ફોર્સીસ મેડિકલ સર્વિસીસમાં આ પ્રકારની પ્રથમ સુવિધા છે. આ ઐતિહાસિક પહેલનો ઉદ્દેશ્ય ગંભીર શરીર દાઝવા અને ત્વચા સંબંધિત અન્ય બિમારીઓથી પીડિત લશ્કરી કર્મચારીઓ અને તેમના પરિવારોની સારવારમાં ક્રાંતિ લાવવાનો છે.આ રીતે તે સમગ્ર દેશમાં લશ્કરી તબીબી કેન્દ્રોને મહત્વપૂર્ણ સંસાધનો પ્રદાન કરશે. આ સુવિધા સ્થાપવાનો ઉદ્દેશ લશ્કરી કર્મચારીઓ અને તેમના પરિવારોને સૌથી અદ્યતન 'સ્કીન રિપ્લેસમેન્ટ' સારવારની સુવિધા પૂરી પાડવાનો છે.આ સ્કિન બેંકમાં પ્લાસ્ટિક સર્જન, ટિશ્યુ એન્જિનિયર્સ અને વિશિષ્ટ ટેકનિશિયન સહિત ઉચ્ચ પ્રશિક્ષિત તબીબી વ્યાવસાયિકોની ટીમ દ્વારા સ્ટાફ કરવામાં આવશે. આ સુવિધા ગુણવત્તા નિયંત્રણ અને સલામતીના ઉચ્ચતમ ધોરણોનું પાલન કરશે, ત્વચાની કલમોની મજબૂતાઈ અને વિશ્વસનીયતા સુનિશ્ચિત કરશે.આર્મી મેડિકલ સર્વિસીસના ડાયરેક્ટર જનરલ, લેફ્ટનન્ટ જનરલ અરિંદમ ચેટર્જીએ સ્કીન બેંકના લોન્ચને લશ્કરી કર્મચારીઓના સ્વાસ્થ્ય અને કલ્યાણ પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાના પુરાવા તરીકે વર્ણવ્યું હતું.

તેમણે કહ્યું કે આ સુવિધા માત્ર સંભાળની ગુણવત્તામાં વધારો કરશે નહીં, પરંતુ ગંભીર ઈજાઓથી પ્રભાવિત લોકોને મદદ કરવાની ક્ષમતાને પણ મજબૂત કરશેઆર્મી હોસ્પિટલ ના કમાન્ડન્ટ લેફ્ટનન્ટ જનરલ અજીત નીલકાંતને જણાવ્યું હતું કે, 'ત્વચાના પેશીઓ માટે સમર્પિત સંસાધન અમને અમારા દર્દીઓને સૌથી વધુ અસરકારક અને વ્યક્તિગત સારવાર પૂરી પાડવાની મંજૂરી આપે છે, આખરે તેમની પુનઃસ્થાપના અને પુનર્વસનની તકોમાં સુધારો થઈ શકે છે

## આગામી દિવસોમાં નેટફિલિકસ ઉપર ફિલ્મ રીલીઝ થવાની હોય

# અમરેલી, સાવરકુંડલામાં ''મહારાજ'' ફિલ્મને લઈને રોષનો માહોલ

મોટી હવેલી ખાતે હિન્દુ સંગઠનોની બેઠક બાદ પૂ. દ્વારકેશલાલજી મહારાજની આગેવાનીમાં કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું

સીટી પોલીસ સ્ટેશનમાં ર દિવસ પહેલા લેખિત ફરિયાદ અપાયા બાદ આવેદનપત્ર પાઠવવામાં આવ્યું

''મહારાજા'' નવલકથાનાં લેખક, નિર્માતા, નિર્દેશક સહિત સામે ગુન્હો નોંધવા માંગ

પુષ્ટિ માર્ગ સંપ્રદાયની લાગણી દુભાવનાર સામે કડક કાર્યવાહી જરૂરી














અમરેલી, તા. ૧૮

નવલકથા મહારાજ અને તેના પરથી ફિલ્માંકન થયેલી મહારાજ ફિલ્મ જે નેટફિલકસ પર રીલીઝ થવાની છે તે પૂર્વે આજે અમરેલીમાં વૈષ્ણવ સંપ્રદાયના આચાર્ય પુ. દ્વારકેશબાવા અને અનુયાયીઓ તથા વૈષ્ણવ સમાજ સહિતની તમામ હિન્દુ સંસ્થાઓ દ્વારા આ નવલકથાના લેખક અને ફિલ્મ નિર્માતા સહિતના સામે ગુન્હો દાખલ કરવા માટે થઈ અગાઉ અમરેલી સીટી પોલીસમાં લેખિતમાં ફરિયાદ આપી હતી. તેમજ આજે પુ. દ્વારકેશબાવાની ઉપસ્થિતમાં સવારે ૧૦ વાગ્યે મોટી હવેલી ખાતે વૈષ્ણવ સમાજ સહિતની તમામ હિન્દુ સંસ્થાના આગેવાનો એકત્ર થઈ અને પુ. દ્વારકેશબાવાની આગેવાનીમાં અત્રેના જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવેલ હતું.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, મહારાજ નવલકથાના લેખક સૌરભ શાહ, તેનું પ્રકાશન કરનાર આર.આર. શેઠ એન્ડ કંપની તેમજ આ નવલકથા

અનુસંધાન પાના ૬ ઉપર

### સાવરકુંડલાનાં ફીફાદ ગામ નજીકની ઘટના

## શેત્રુંજી નદીનાં પુલ ઉપર વ્હેલી સવારે જંગલનાં રાજાની સવારી

સોશ્યલ મીડિયામાં અદ્ભૂત વિડીયો વાયરલ



અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લામાં ચોમાસાના પ્રારંભે વરસાદ પડી જતાં અને નાના મોટા નદી નાળા છલકાય ગયા છે ત્યારે સાવરકુંડલાના ફિફાદ નજીકના શેત્રુંજી નદી ઉપર સિંહનો અદભુત વિડીયો સામે આવ્યો છે. જેમાં શેત્રુજી નદીના પુલ પર આજે વ્હેલી સવારે એક

અનુસંધાન પાના ૬ ઉપર

### વહીવટી સરળતા અને જાહેર હિતમાં

## અમરેલી જિલ્લામાં ૧૮ પીએસઆઈની અરસપરસ બદલી કરતાં પોલીસ અધિક્ષક

ચલાલા, અમરેલી, દામનગર સહિતનાં પીએસઆઈ બદલાયા

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા અમરેલી જિલ્લામાં ફરજ બજાવતા ૧૮ જેટલાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરની વહીવટી સરળતા અને જાહેરહિતમાં સાંજના સમયે અરસપરસ બદલી કરવામાં આવેલ છે.

અમરેલી એમ.ઓ.બી.માં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ. આર. છોવાળાને ખાંભા પોલીસ સ્ટેશન ખાતે, સાવરકુંડલા ટાઉન પોલીસ

અનુસંધાન પાના ૬ ઉપર

### ધારી, બાબરા, રાજુલા, જાફરાબાદ અને અમરેલી પંથકમાં વરસાદ

## અમરેલી જિલ્લામાં ભીમ અગિયારશનાં પાવન દિવસે અનેક વિસ્તારોમાં મેઘરાજાની કૃપા વરસી

રાજુલામાં ૧૬, કુંકાવાવમાં ૧૦, બાબરામાં ૧૦ મી.મી. વરસાદ નોંધાયો





અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લામાં છેલ્લા ચાર પાંચ દિવસથી ચોમાસાની શરૂઆત થઈ ગઈ હોય તેમ વરસાદ વરસી રહયો છે ત્યારે આજે ભીમ અગિયારસના દિવસે પણ જિલ્લાના અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો.

બાબરા પંથકમાં ગઈકાલ પડેલા વરસાદ બાદ આજે સતત ત્રીજા દિવસે અગિયારસનું મુહૂર્ત સાચવતાં હોય તેમ મેઘરાજાએ પધરામણી કરી હતી. બાબરાનાં ચમારડી, વલારડી, પીર ખીજડિયા, ઈંગોરાલા સહિતના ગામડાઓમાં વરસાદ પડ્યો હતો. બાબરા પંથકમાં પડ્યો હતો. સારો વરસાદ વરસી જતાં જગતનો તાત થયો રાજીનો રેડ થઈ જવા પામ્યો હતો.

ધારી ગીર પંથકમાં આજે ભીમ અગિયારસના દિવસે સીઝનના પ્રથમ વરસાદનું આગમન થયું હતું. ધારી શહેર સાથે ગીરના ગ્રામ્ય વિસ્તારોમાં મેઘરાજા મહેરબાન થયા હોય તેમ ધારી ગીરના ખોખરા, સરસીયા, હરીપરા ગામમાં વરસાદ પડ્યો હતો. ચોમાસાના પ્રથમ વરસાદની શરૂઆતથી બાળકો વરસાદી વાતાવરણની મજા માણી હતી. જયારે ધારી પંથકમાં વરસાદથી

અનુસંધાન પાના ૬ ઉપર













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)